dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 146 | AD - 2026, Fagan Sud - 15 | Tuesday, Dt. 03-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કુવૈતમાં અમેરિકી ફાઈટર જેટ તોડી પાડ્યાનો દાવો

# ઈરાનનો સાઉદી અરેબીયામાં વિશ્વની સૌથી મોટી રિફાઈનરી પર હુમલો

તેલ અવીવ, તા.૦૨

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના અવસાન બાદ સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધની જ્વાળાઓ ભભૂકી ઉઠી છે. છેલ્લા ૨૪ કલાકમાં ઈરાને ૧૫થી વધુ દેશોમાં આવેલા યુએસ લશ્કરી મથકોને નિશાન બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. આ સંઘર્ષ હવે અત્યંત ખતરનાક વળાંક પર પહોંચ્યો છે, કારણ કે ઈરાને સાઉદી અરેબિયા સ્થિત વિશ્વની સૌથી મોટી 'અરામકો' ઓઈલ રિફાઈનરી પર મિસાઈલ હુમલો કર્યો છે. આ હુમલાને કારણે વૈશ્વિક તેલ બજાર અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે. ઈરાની મીડિયા દ્વારા એવો ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે કુવૈતમાં અમેરિકી વાયુસેનાનું અત્યંત આધુનિક F-15 ફાઈટર જેટ તોડી પાડવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વિમાન હવામાં આગની જ્વાળાઓ સાથે નીચે પડતું જોઈ શકાય છે. જોકે,



પાયલોટ પેરાશૂટની મદદથી સુરક્ષિત રીતે બહાર નીકળી જવામાં સફળ રહ્યો હોવાનું કહેવાય છે. અમેરિકા અને કુવૈત સૈન્ય દ્વારા હજુ સુધી આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. આ અકસ્માત 'ઓપરેશન એપિક ફ્યુરી' દરમિયાન થયો હોવાનું મનાય છે, જેમાં અમેરિકા અને ઈઝરાયેલ સંયુક્ત રીતે ઈરાન પર હુમલા કરી રહ્યા છે. અમેરિકી દળો ઈરાન પર સતત મિસાઈલ અને બોમ્બમારો કરી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાનની અંદર ૨,૦૦૦થી વધુ લક્ષ્યો પર હુમલા કર્યા છે. જેમાં મિસાઈલ સ્ટોર્સ, હવાઈ સંરક્ષણ પ્રણાલી (Air Defense Systems), નૌકાદળની મિલકતો અને ખામેનેઈના કમ્પાઉન્ડને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. વળતા જવાબમાં ઈરાને જેરુસલેમ, તેલ અવીવ અને કિર્યાત ઓનો જેવા ઈઝરાયેલી શહેરો પર મિસાઈલો છોડી છે. તેહરાનમાં પણ ઈઝરાયેલ દ્વારા મોટા પાયે બોમ્બમારો કરવામાં આવ્યો છે, જેમાં રાજ્ય સંચાલિત ટીવી કાર્યાલયને પણ નિશાન બનાવાયું હોવાના અહેવાલ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની લશ્કરી અધિકારીઓને શસ્ત્રો મૂકી દેવા કડક ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું કે જો ઈરાન આત્મસમર્પણ નહીં કરે તો તેણે 'ચોક્કસ મૃત્યુ'નો સામનો કરવો પડશે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે જ્યાં સુધી લક્ષ્યો પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી લશ્કરી અભિયાન ચાલુ રહેશે. બીજી તરફ, ચીની અખબાર 'ગ્લોબલ ટાઈમ્સ'ના અહેવાલ મુજબ ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિ અહમદીનેજાદ સુરક્ષિત છે.

### ખામેનેઈના નિધન બાદ કાશ્મીરમાં વિરોધ પ્રદર્શન, શાળાઓમાં બે દિવસની રજા

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના નિધનના સમાચાર બાદ જમ્મુ-કાશ્મીરના શિયા બહુલ વિસ્તારોમાં ભારે વિરોધ પ્રદર્શનો અને શોકનું મોજું ફરી વળ્યું છે. શ્રીનગરના લાલ ચોક સહિત બડગામ, બાંદીપોરા અને પુલવામામાં હજારો લોકોએ રસ્તા પર ઉતરી સૂત્રોચ્ચાર કર્યા હતા. સુરક્ષાના ભાગરૂપે વહીવટીતંત્રે લાલ ચોક વિસ્તારને સીલ કરી બેરિકેડિંગ લગાવી દીધું છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા શિક્ષણ મંત્રીએ કાશ્મીરમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બે દિવસ માટે બંધ રાખવાનો આદેશ આપ્યો છે. અંજુમન-એ-શરી શિયાન દ્વારા ૪૦ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જનતાને શાંતિ જાળવવા અપીલ કરી છે અને વિદેશ મંત્રાલય સાથે સંપર્ક સાધી ઈરાનમાં રહેલા કાશ્મીરીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

### પીએમ મોદીએ સુરક્ષા અંગે CCS બેઠકની અધ્યક્ષતા કરી

ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનેઈના અવસાન બાદ મધ્ય પૂર્વમાં વધતા તણાવને ધ્યાને રાખી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ સમિતિ (CCS)ની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. ઈરાન દ્વારા પડોશી દેશો અને યુએસ એરબેઝ પર કરાયેલા મિસાઈલ હુમલા બાદ સર્જાયેલી ગંભીર પરિસ્થિતિની આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને ખાડી દેશોમાં વસતા ભારતીય સમુદાય અને વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પીએમ મોદીએ તમામ વિભાગોને અસરગ્રસ્ત ભારતીયોની મદદ માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યા છે. બેઠકમાં રાજનાથ સિંહ, અમિત શાહ અને એસ. જયશંકર સહિતના મંત્રીઓએ ભારત પર પડનારી આર્થિક અને સુરક્ષા અસરો અંગે ચર્ચા કરી હતી.

### મીડલ-ઈસ્ટમાં વધતા જતા તણાવને લઈ પીએમ મોદીએ ઈઝરાયેલ પીએમ નેતન્યાહૂ સાથે ચર્ચા કરી

મધ્ય પૂર્વમાં વધતા જતા તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે ટેલિફોન પર ચર્ચા કરી છે. પીએમ મોદીએ પ્રાદેશિક પરિસ્થિતિ અંગે ભારતની ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, શત્રુતાનો વહેલામાં વહેલો અંત લાવવો જરૂરી છે. તેમણે નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવા પર ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે ઈઝરાયલ-ઈરાન સંઘર્ષના કારણે સમગ્ર પ્રદેશ યુદ્ધની આગમાં છે. ભારતે ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે પોતાનો દ્રઢ સંકલ્પ પુનરોચ્ચાર કર્યો છે.

## રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત અને અનંત મુકેશ અંબાણીના વિઝન સમાન કુદરત અને કરુણાનું એક વર્ષ

# જામનગરના 'વનતારા'એ વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક ફલક પર મેળવી અજોડ સિધ્ધિઓ

જામનગર, તા.૦૨


ગુજરાતઃ વનતારા રિલાયન્સ



ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત અને અનંત મુકેશ અંબાણીના વિઝન સમાન વન્યજીવ સંરક્ષણ અને



પુનર્વસન કેન્દ્ર વનતારા ના ઉદ્ઘાટનને આજે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયા બાદ, માત્ર ૧૨ મહિનાના ટૂંકા ગાળામાં વનતારાએ પ્રાણીઓની સેવા, અદ્યતન તબીબી સારવાર અને વૈજ્ઞાનિક સંરક્ષણ ક્ષેત્રે નવા આયામો સર કર્યા છે. ગયા એક વર્ષમાં વનતારાની સમર્પિત ટીમોએ વાઘ સિંહ. સરીસૃપો, પક્ષીઓ અને વાનર વર્ગના હજારો ઘાયલ અને અસહાય પ્રાણીઓને બચાવીને તેમને સ્વસ્થ કર્યા છે. જટિલ સર્જરીઓ અને સ્નેહભરી સંભાળ બાદ અનેક પ્રાણીઓને સફળતાપૂર્વક તેમના કુદરતી નિવાસસ્થાને (જંગલમાં) પરત છોડવામાં આવ્યા છે. ખાસ કરીને લાકડાકાપ ઉદ્યોગ અને સર્કસ જેવી પીડાદાયક સ્થિતિમાંથી મુક્ત કરાયેલા ૨૫૦થી વધુ હાથીઓને અહીં નવું જીવન અને વૈજ્ઞાનિક સારવાર મળી રહી છે. વન્યજીવ સંભાળમાં અનંત અંબાણીના અભૂતપૂર્વ યોગદાન બદલ તેમને પ્રતિષ્ઠિત ગ્લોબલ હ્યુમેન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વનતારાને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે FARAZA અને SEAZA ની સભ્યતા તેમજ પ્રાણી મિત્ર એવોર્ડ ૨૦૨૫ પ્રાપ્ત થયો છે, જે આ કેન્દ્રની વૈશ્વિક ગુણવત્તા



પર મહોર મારે છે.વનતારા માત્ર એક આશ્રયસ્થાન નથી, પરંતુ એક 'નેશનલ રેફરલ સેન્ટર' છે. અહીં ૧૧ સેટેલાઈટ



પ્રયોગશાળાઓ અને ૭૦થી વધુ નિષ્ણાતો કાર્યરત છે. જે દરરોજ ૨,૦૦૦થી વધુ નમૂનાઓની તપાસ કરી પ્રાણીઓના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. પ્રાણીઓના ખોરાક માટે ૧,૫૬૦૦૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળો ખોરાક સંપૂર્ણ સ્વચાલિત પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે.દરરોજ હજારો પ્રાણીઓની સંભાળ રાખતા



વંતારા ૧,૫૬,૦૦૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળું ખોરાક સંપૂર્ણ સ્વચાલિત પદ્ધતિથી તૈયાર કરે છે. આ ખોરાક ૫૦



તાપમાન નિયંત્રિત વાહનો દ્વારા પહોંચાડવામાં આવે છે. ૨૦૦થી વધુ પ્રશિક્ષિત લોકો આ કામગીરી સંભાળે છે અને ૧,૦૦૦થી વધુ ખેડૂતો ચારો અને પશુઆહાર ઉગાડવામાં સહકાર આપે છે. સાથે સાથે ૨૦૦ સભ્યોની ચોવીસે કલાક સક્રિય ટીમે ૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય બચાવ અભિયાન અને ૧૫ વાઈલ્ડલાઈફ રેપિડ રિસ્પોન્સ તૈનાતીમાં સહાય કરી છે. પ્રાણીઓની સાથે માનવ સેવાના અભિગમમાં પણ વનતારા અગ્રેસર રહ્યું છે. પંજાબના વિનાશકારી પૂર સમયે વનતારાની ટીમે ૧૦ લાખથી વધુ લોકોને રાહત સામગ્રી પહોંચાડી હતી. ગુજરાત વન વિભાગના સહયોગથી લુપ્તપ્રાય પ્રજાતિઓના સંવર્ધન માટે પણ આ કેન્દ્ર મહત્વનું યોગદાન આપી રહ્યું છે. આજે એક વર્ષના અંતે વનતારા કરુણા અને આધુનિક વિજ્ઞાનના સમન્વય દ્વારા પૃથ્વી પરના મૂંગા જીવો માટે આશાનું કિરણ અને ભારત માટે ગૌરવનું પ્રતીક બની રહ્યું છે.

## અનંત અંબાણીને અભૂતપૂર્વ યોગદાન બદલ પ્રતિષ્ઠિત ગ્લોબલ હ્યુમેન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી


# અમરેલી ભાજપના કર્મઠ અગ્રણી નરેશભાઈ મહેતાના નિધનથી શોક

અમરેલી,તા.૦૨

મૂળ લાઠીના વતની અને છેલ્લા ઘણા વર્ષોથી અમરેલીમાં સ્થાયી થયેલા નરેશભાઈ કેશવભાઈ મહેતાનું તારીખ ૧ માર્ચના રોજ દુઃખદ અવસાન થયું છે. તેઓ અમરેલી નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ રમાબેન મહેતાના પતિ, જગદીશભાઈ, વોર્ડ નં. ૪ ના સક્રિય કાર્યકર બિપીનભાઈ તથા વિશ્વ હિન્દુ પરિષદના ઈતેશભાઈ મહેતાના ભાઈ તેમજ



જયમીન મહેતાના પિતાજી હતા. નરેશભાઈ પોતે વોર્ડ નં. ૪ ના અત્યંત સક્રિય સદસ્ય હોવાથી તેમના નિધનના સમાચાર વહેતા થતા જ ભાજપના કાર્યકરો અને સ્થાનિક રહીશોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ વિસ્તારના લોકો માટે તેઓ એક સેવાભાવી નગરસેવક તરીકે જાણીતા હતા અને તેમની ખોટ ક્યારેય પૂરી શકાય તેમ નથી. સ્વર્ગસ્થ નરેશભાઈની અંતિમ યાત્રામાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ તમામ સરકારી કાર્યક્રમ રદ કર્યા હતા. , જિલ્લા ભાજપ ઉપપ્રમુખ દિપકભાઈ વઘાસિયા અને અન્ય મહાનુભાવો સહિત બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. જેમાં ધર્મેન્દ્રગીરી ગોસ્વામી, મેહુલભાઈ ધોરાજીયા, પિન્ટુભાઈ કુરૂંદલે, વિપુલભાઈ ભટ્ટી તેમજ સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા અને બિપીનભાઈ જોષીએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા અને નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી સહિત વિવિધ સમિતિના ચેરમેનો, નગરસેવકો, તબીબો, વકીલો અને સામાજિક સંસ્થાઓના આગેવાનોએ પણ હાજરી આપી હતી. ભારે હૈયે સૌ કોઈએ નરેશભાઈના સેવાકીય કાર્યોને યાદ કરી સદગતને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# બગસરા શહેરમાં આવતીકાલે વિરાટ હિન્દુ સંમેલન યોજાશે

બગસરા,તા.૦૨

બગસરામાં બુધવાર ૪ માર્ચના રોજ સથવારા સમાજની વાડી ખાતે બપોરે સાડા ત્રણ કલાકે વિરાટ હિન્દુ સંમેલન યોજાશે.

આ માટે શહેરના અનેક વિસ્તારોમાં ધજા પતાકા, બેનર, પોસ્ટરથી આકર્ષક સજાવટ કરવામાં આવી રહી છે. મુખ્ય રસ્તા, શેરી-મહોલ્લાની સાથો સાથ કાર્યકર્તાઓ ઘરે ઘરે સંપર્ક કરીને સંમેલનની આમંત્રણ પત્રિકાનું વિતરણ કરી રહ્યા છે. આ સંમેલનમાં સૌરાષ્ટ્ર પ્રાંતની રાષ્ટ્ર સેવિકા સમિતિનાં સહકાર્યવાહિકા રસીલાબેન રાવલ મુખ્ય વક્તા તરીકે સંબોધન કરશે. જયભવાની હિન્દુ જાગરણ સમિતિના પ્રચાર-પ્રસાર કન્વીનર હાર્દિકભાઇ બામટા, જયેશભાઇ પંડ્યા અને હિતેશ મારડિયાએ જણાવ્યું હતું કે, સંમેલનમાં વિવિધ સંસ્થાઓ, વેપારીઓ સંસ્થાઓ, સત્સંગ મંડળો સહિત વિવેકાનંદ વસ્તીના ભાઇઓ-બહેનો કાર્યકરો ઉપસ્થિત રહેશે.

# તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડમાં ગેરકાયદેસર લાકડા ભરેલી ટ્રક ઝડપાઈ

ખાંભા,તા.૦૨

તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડમાં વન વિભાગની પેટ્રોલિંગ ટીમે રાત્રિના સમયે સઘન ચેકિંગ હાથ ધરીને એક મોટી સફળતા મેળવી છે. તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ રાયડીપાટી બીટમાંથી પરવાનગી વગર કાપેલા અને ગેરકાયદેસર રીતે વાહતુક કરવામાં આવતા



તસવીર : રૂચિત મહેતા

તાજા લાકડા ભરેલી એક ટ્રકને ઝડપી પાડવામાં આવી હતી. આ ટ્રકમાંથી લીંમડો અને આવળ જેવા વૃક્ષોના લાકડા મળી આવ્યા છે જેની અંદાજિત રિકવરી કિંમત ૧૮,૦૦૦ રૂપિયા જેટલી થાય છે. વન વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણ મહિનામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિરુદ્ધ આ ૧૨મી ગાડી પકડવામાં આવી છે. મોટાભાગે રાત્રિના ૧૨ વાગ્યા પછીના સમયગાળાનો લાભ લઈને વનસંપત્તિની ચોરી કરવામાં આવતી હોય છે પરંતુ પેટ્રોલિંગ ટીમની સતર્કતાને કારણે આ નેટવર્ક પર લગામ કસવામાં આવી રહી છે. રબારીકા રાઉન્ડના રાયડીપાટી બીટમાં થયેલી આ કાર્યવાહીથી ગેરકાયદેસર લાકડાનો વેપાર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે

# અમરેલીની જીવરાજ મહેતા પોલિટેકનિક ખાતે મેગા પ્લેસમેન્ટ કેમ્પ સફળ : ૨૯૨ વિદ્યાર્થીઓની પસંદગી

અમરેલી, તા.૦૨

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે અમરેલીની ડૉ. જીવરાજ એન. મહેતા સરકારી પોલિટેકનિક ખાતે 'મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ તુરંત રોજગારી



મળે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કેમ્પમાં ૨૧ જેટલી નામાંકિત કંપનીઓ ઉત્સાહભેર જોડાઈ હતી. આ પ્લેસમેન્ટ ફેરમાં કુલ ૩૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, કુલ ૮૭૧ ઈન્ટરવ્યુ બાદ અંતે ૨૯૨ વિદ્યાર્થીઓની વિવિધ પોસ્ટ માટે પસંદગી કરવામાં આવી હતી. આ કેમ્પમાં મહત્તમ રૂ.૪.૮૦ લાખ સુધીનું વાર્ષિક પેકેજ ઓફર કરવામાં આવ્યું હતું. નોડલ ઓફિસર બી. પી. રાવલ અને પ્લેસમેન્ટ કોર્ડીનેટર એમ. ડી. કાકડિયાના માર્ગદર્શન હેઠળ સંસ્થાના સ્ટાફની ભારે જહેમતથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# બગસરાની સરદાર પટેલ શરાફી મંડળીના ચેક રિટર્ન કેસમાં બે આરોપીઓને છ માસની સજા

**મંડળીના વકીલની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે સંભળાવ્યો ચુકાદો**

બગસરા,તા.૦૨

સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લિ. બગસરા શાખાના ચેક રિટર્ન કેસમાં બગસરા કોર્ટે મહત્વનો ચુકાદો આપતા બે આરોપીઓને છ માસની કેદની સજા ફટકારી છે.






ઘટનાની વિગત મુજબ, ચાલણપીપળી (તા. બગસરા) ના રહેવાસી ખુશાલભાઈ કનુભાઈ ગોંડલીયા અને ભાનુબેન કનુભાઈ ગોંડલીયાએ મંડળીમાંથી અનુક્રમે રૂ. ૧,૨૦,૦૦૦/- અને રૂ. ૨,૦૦,૦૦૦/- નું લોન ધિરાણ લીધું હતું. આ લોન પેટેની ચડત રકમ રૂ. ૨,૦૦,૩૫૨/- અને રૂ. ૩,૧૪,૪૩૯/- ભરપાઈ કરવા માટે તેમણે ચેક આપ્યા હતા. ફરિયાદી મંડળી દ્વારા આ ચેક બેંકમાં વટાવવા નાખતા 'અપૂરતા ભંડોળ' ના શેરા સાથે પરત ફર્યા હતા.

આ મામલે મંડળીના મંત્રી જયદીપભાઈ બાલુભાઈ હિરપરા દ્વારા વકીલ મારફત નોટિસ આપવા છતાં લેણી રકમ ન ચૂકવાતા બગસરા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ બગસરા કોર્ટમાં ચાલી જતાં મંડળી તરફે વકીલ પી.ડી. દાંતી (ગઢવી) અને વિશાલ જે. માળવીની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. અંતે કોર્ટે બંને આરોપીઓને છ માસની સજા અને ચેકની રકમ ચૂકવવાનો હુકમ કર્યો છે.

## હોળીની ઝાળ વર્ષનો વરતારો નક્કી કરશે




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૮૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ચૌહાણ કાંતિભાઈ બચુભાઈ
સરનામું :- ઠે.ચાંચ તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂઘ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી ચૌહાણ કાંતિભાઈ બચુભાઈ એ તેમના મોટા બાપાના પુત્ર નામે શ્રી મનુભાઈ રવજીભાઈ ચૌહાણ નો જન્મ તા.૦૧/૦૫/૧૯૮૩ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૫ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૬૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ સનીબેન જવેરભાઈ
સરનામું :- ચાંચ મુ.તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂઘ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી શિયાળ સનીબેન જવેરભાઈ એ તેમના પુત્રી નામે શિયાળ ભારતીબેન જવેરભાઈ નો જન્મ તા.૦૨/૦૩/૧૯૯૭ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૮૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જોષી જતીનકુમાર અરુણભાઈ
સરનામું :- મુ.માંડળ તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂઘ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના માંડળ મુકામે ના શ્રી જોષી જતીનકુમાર અરૂણભાઈ એ તેમના પુત્ર નામે શ્રી જોષી હર્ષીવ જતીનકુમાર નો જન્મ તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૪૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બારૈયા ગણપતભાઈ મોહનભાઈ
સરનામું :- મુ.પટવા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂઘ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - પટવા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના પટવા મુકામે ના શ્રી બારૈયા ગણપતભાઈ મોહનભાઈ એ તેમની પુત્રી નામે શ્રી ખુશીબેન ગણપતભાઈ બારૈયા નો જન્મ તા.૧૦/૦૨/૨૦૧૯ ના રોજ રાજુલા તાલુકાના પટવા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**રાજ્યના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અદ્યતન શાળા ખુલ્લી મુકવામાં આવી**

# અમરેલીના શેડુભારમાં રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે પ્રાથમિક શાળાનું લોકાર્પણ

**સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ**

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના શેડુભાર મુકામે શિક્ષણના ક્ષેત્રમાં એક નવું અને આધુનિક સોપાન ઉમેરાયું છે. સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ અંદાજે ૧.૨૦ કરોડ રૂપિયાના માતબર ખર્ચે તૈયાર થયેલા પ્રાથમિક શાળાના અદ્યતન બિલ્ડિંગનું લોકાર્પણ રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સંપન્ન થયું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી જેણે કાર્યક્રમની ગરિમામાં વધારો કર્યો હતો. આ નવું બિલ્ડિંગ માત્ર ઈંટો અને પથ્થરોનું માળખું નથી પરંતુ ગ્રામીણ વિસ્તારના બાળકો માટે ઉજ્જવળ ભવિષ્યની ઈમારત છે. જેમાં દિવ્યાંગ બાળકો માટે ખાસ શૌચાલયની સુવિધા, શુદ્ધ પીવાનું પાણી, આધુનિક કોમ્પ્યુટર લેબ અને મધ્યાહન ભોજન માટે અલગ શેડ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે જે ખરા અર્થમાં ખાનગી શાળાઓની સમકક્ષ છે.ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પોતાના ઉદ્બોધનમાં શિક્ષણના બદલાતા સ્વરૂપ



પર ભાર મૂક્યો હતો. તેમણે ભૂતકાળની શિક્ષણ સુવિધાઓની સરખામણી વર્તમાન સમય સાથે કરતા જણાવ્યું કે આજે રાજ્યના ખૂણેખૂણે શાળાઓના નવા બિલ્ડિંગો આકાર પામી રહ્યા છે. સરકારે માત્ર ભૌતિક સુવિધાઓ જ નહીં પરંતુ શિક્ષણની ગુણવત્તા પર પણ પૂરતું ધ્યાન આપ્યું છે. આ તકે તેમણે સરકારની ખેડૂતલક્ષી અભિગમની પણ યાદ અપાવી હતી અને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કોઈ પણ જાતના વિલંબ વિના ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરીને ઐતિહાસિક નિર્ણય લીધો છે. વધુમાં તેમણે શેડુભાર વિસ્તારના આર્થિક વિકાસ માટે નજીકમાં નવી જી.આઈ.ડી.સી. સ્થાપવાની આશા વ્યક્ત કરી હતી જે સ્થાનિક રોજગારી માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

સાંસદ ભરતભાઈ સુતરિયાએ પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે અગાઉના સમયમાં શાળાઓમાં ઓસરીમાં બેસીને અભ્યાસ કરવો પડતો હતો જ્યારે આજે બાળકો માટે તમામ સુવિધાઓથી સજ્જ ભવ્ય ઈમારતો ઉપલબ્ધ છે. તેમણે અમરેલી જિલ્લામાં થઈ રહેલા સતત વિકાસકાર્યો બદલ રાજ્ય સરકાર અને મંત્રીનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર સહિત અન્ય સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ ગામના સરપંચો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ નવી સુવિધાને આવકારી હતી અને બાળકોના શિક્ષણ પ્રત્યે નવી ઉર્જા સાથે આગળ વધવાનો સંકલ્પ કર્યો હતો.

# અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરજાળા ગામે પાંચ દિવસીય વોકેશનલ તાલીમનું આયોજન

અમરેલી,તા.૦૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા કરજાળા ગામ ખાતે તા. ૨૩/૦૨/૨૦૨૬ થી ૨૭/૦૨/૨૦૨૬ દરમિયાન **ARYA** પ્રોજેક્ટ અંતર્ગત વોકેશનલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેવીકેના વરીષ્ઠ વૈજ્ઞાનીક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ તાલીમમાં ઉદ્યોગ લક્ષી વિવિધ વિષયો પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.




તાલીમ દરમિયાન ડો. મિનાક્ષી કે. બારીયાએ **ARYA** પ્રોજેક્ટની રૂપરેખા આપી ફળ અને શાકભાજીમાં મૂલ્ય-વર્ધન તેમજ ખેત પેદાશોની વિવિધ ચીજવસ્તુઓના માર્કેટિંગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, વિષય નિષ્ણાંત ડો. શ્વેતા એ. પટેલ દ્વારા મરી મસાલા પાકોમાં પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન અને પ્રાકૃતિક ખેતી દ્વારા સારા બજાર ભાવ મેળવવા અંગે માહિતી અપાઈ હતી. **ARYA** પ્રોજેક્ટ ઈન્ચાર્જ અને વિષય નિષ્ણાંત ડો. નેહા તિવારીએ ખેતી પેદાશોમાં ઉપયોગમાં લેવાતી જુદી-જુદી પ્રોસેસિંગ તકનીક અને તેના માટે જરૂરી મશીનરી વિશે ખેડૂતોને તાલીમબદ્ધ કર્યા હતા. આ પાંચ દિવસીય તાલીમમાં કરજાળા ગામના અંદાજે ૨૪૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તાલીમ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# રાજુલાના કોટડી ગામે ખેડૂતો માટે વૈજ્ઞાનિક ખેતી માર્ગદર્શન કેમ્પ યોજાયો

રાજુલા,તા.૦૨

જ્યારે ખેડૂત મજબૂત બને છે, ત્યારે અર્થતંત્ર પણ મજબૂત બને છે ના સંદેશ સાથે રાજુલા તાલુકાના કોટડી ગામે ખેતીવાડી અંગેના વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી બાગાયત ખાતાના અધિકારીઓ તેમજ પ્રગતિશીલ ખેડૂત મનુભાઈ




તસવીર : ગોપાલ રાઠોડ

ઘાખડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી, સુધારેલા બીજનો ઉપયોગ, જમીન પરીક્ષણ, ટપક સિંચાઈ અને જૈવિક ખાતરના યોગ્ય વપરાશ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે આધુનિક પદ્ધતિઓ અપનાવવાથી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. કાર્યક્રમ દરમિયાન ઓરિએન્ટ ફાર્મ અને હાર્દિક વસોયા દ્વારા ખેડૂતો માટે જમીન ચકાસણીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. અંતમાં પ્રશ્નોત્તરી સત્ર દ્વારા ખેડૂતોએ પોતાની મુંઝવણો દૂર કરી ખેતીમાં નવી દિશા અપનાવવાનો સંકલ્પ કર્યો હતો.

# ઈંગોરાળા(ભાડ)ગામે જે.વી.કાકડીયાના હસ્તે આયુર્વેદિક દવાખાનાનું ખાતમુહૂર્ત

**સરપંચ એસોશિયેસનના પ્રમુખ સહિત, ગ્રામજનો હાજર રહ્યા**

અમરેલી,તા.૦૨

ખાંભા તાલુકાના ઈંગોરાળા (ભાડ) ગામે તારીખ ૦૨-૦૩-૨૦૨૬ ને સોમવારના રોજ ધારાસભ્ય જે. વી. કાકડીયા દ્વારા આયુર્વેદિક દવાખાનાનું



વિધિવત રીતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયત સદસ્ય કાળુભાઈ ફિડોળીયા અને પ્રશાંતભાઈ તંતી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ખાંભા એસોસિયેશન સરપંચના પ્રમુખ રસિકભાઈ ભંડેરી, ઈંગોરાળાના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ આજુબાજુના ગામના સરપંચો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતા.

# અવસાન નોંધ

**અમરેલી**

સ્વ.નાનાલાલ રણછોડભાઈ પરમાર (ઉ.વ.૮૪) નું તા.૦૧/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે. તે સંજભાઈ, મિતેશભાઈના પિતાજી અને નિસર્ગ પરમારના દાદા થાય છે. તેમનું સદગત બેસણુ તા.૦૫/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ બપોરે ૦૪થી ૦૬ સુધી મહાજન પાર્ટી પ્લોટ અમરેલી ખાતે રાખેલ છે.

**અમરેલી**

સ્વ.નરેશકુમાર કેશવલાલ મહેતાનું તા.૦૧/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે જગદીશભાઈ કેશવલાલ મહેતા, બીપીનભાઈ કેશવલાલ મહેતા અને ઈતેશભાઈ કેશવલાલ મહેતાના ભાઈ અને જયમીન નરેશકુમાર મહેતાના ભાઈ થાય છે. તેમનું સદગતનું બેસણુ તા.૦૫/૦૩/૨૦૨૬ને ગુરૂવારના રોજ ૩:૦૦ થી ૬:૦૦ કલાકે વૃંદાવન પાર્ક, રામેશ્વર મંદિર, પટેલ મંડપ પાસે, તરેશભાઈ મહેતાના ઘર પાછળ, લાઠી રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

## ૩ માર્ચ : વર્લ્ડ હીયરીંગ ડે : વિશ્વ શ્રવણ શક્તિ દિવસ

૩ માર્ચ ને વિશ્વ શ્રવણ શક્તિ દિવસ ઉજવવા પાછળનો હેતુ બહેરાશ પ્રત્યેની જાગૃતતા લાવવી અને સાંભળવાની (કાનની) સંભાળ રાખવાની પ્રવૃતિને પ્રોત્સાહન આપવું છે. WHO પ્રમાણે અંદાજે દર 1000 વ્યકિતએ 4 વ્યકિતને સીવીયર થી પ્રોફાઉન્ડ (વધારે પડતી) બહેરાશ જોવા મળે છે.

**બહેરાશના કારણો**

મોટી ઉંમરે ઉંમરના લીધે બહેરાશ આવવી, મોટા અવાજ સાંભળવા જેમકે DJ નો અવાજ હેડફોન, હેન્ડસફ્રી નો વધારે ઉપયોગ, ફેકટરીમાં કામ કરતા લોકો તેમજ ઘોંઘાટનો અવાજ.

**જન્મજાત બહેરાશ**

બાળકનો અધૂરા મહિને જન્મ થવો, આંચકી આવવી, ભારે તાવ આવવો, જન્મથી બહેરાશની તપાસ ન કરાવવી વગેરે કારણો હોઈ શકે.

**બહેરાશ ન આવે તે માટે ધ્યાનમાં રાખવાની બાબતો**

મોટા અવાજથી મ્યુઝિક ન સાંભળો, ઘોંઘાટમાં કે કારખાનામાં કામ કરતા લોકોએ ઈયર પ્લગનો ઉપયોગ કરવો, હેડફોન, હેન્ડસફ્રીનો ઉપયોગ 60 ડેસીબલ સુધીનો જ અવાજ સાંભળો, મોટો અવાજ ન રાખો. પોતાની મેળે કાન સાફના કરો. બાળકોમાં જન્મતાની સાથે જ બહેરાશની તપાસ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કરાવો.

**બહેરાશની તપાસ ક્યારે અને ક્યાં કરાવવી**

જન્મજાત બાળકો માટે OAE અને BERA તપાસ કરાવવી જોઈએ, ૫૦ વર્ષથી મોટી ઉંમરના વ્યકિતઓએ તથા ઘોંઘાટમાં કારખાનામાં કામ કરતા વ્યકિતએ દર વર્ષે બહેરાશની તપાસ કરાવવી જોઈએ. ઘરમાં સામાન્ય કરતા મોટા અવાજે ટી.વી. સાંભળવું, વારે વારે એકની એક વાત પૂછવી, બાળક હોશિયાર હોવા છતાં ભણવામાં કાર્યક્ષમતા નબળી પડવી આ બધાનું



**ડો. હરેશ બી. સેંતા**
ઓડીયોલોજીસ્ટ અને સ્પીચ થેરાપીસ્ટ
(બોલવાની અને સાંભળવાની તકલીફના નિષ્ણાંત)
**અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક - અમરેલી.**
ગોલ્ડન પ્લાઝા, સ્ટેશન રોડ, અમરેલી.
મો. 72650 63363

કારણ બહેરાશ હોઈ શકે. આપણે સમયસર બહેરાશની તપાસ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કરાવવી જોઈએ.

**બહેરાશની સારવાર**

કાનની સાંભળવાની નસ સુકાય તો તેમને માટે કાનનું સાંભળવાનું આધુનિક મશીન (હિયરીંગ એઈડ) પહેરવું જોઈએ. નાના બાળકોમાં પણ સમયસર બહેરાશની ઓળખ થાય તો અત્યારના આધુનિક યુગમાં આધુનિક કાનના મશીન પહેરાવવાથી સાંભળી શકે. અને નોર્મલ બાળકની જેમ બોલવાનો (ભાષાનો) વિકાસ થાય જેથી બાળકને બોલવાની તકલીફ આગળ જતા ન થાય. જે બાળકને જન્મજાત બહેરાશ હોય અને તેમને મશીન પણ સાંભળવામાં કામ ન આપે તેમને કોકલીયર ઈમ્પ્લાન્ટ નામનું ઓપરેશન કરાવવું જોઈએ. બોલવાની તકલીફ જેવી કે, તોતડાપણું, હકલાવું, નાકમાંથી બોલવું, ઉંમર કરતાં ઓછું બોલવું, છોકરાનો છોકરી જેવો અવાજ વગેરેને સ્પીચથેરાપી (બોલવાની તાલીમ) લેવી જોઈએ.

**અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક, અમરેલી.**

અવતાર ક્લિનીક અમરેલી જિલ્લા અને પંથકનું એકમાત્ર અત્યાધુનિક સાધનોથી સુસજ્જ ક્લિનીક છે. જે છેલ્લા ૮ વર્ષ થી સાંભળવાની અને બોલવાની તકલીફ ધરાવતા દર્દીની સારવાર માટે કાર્યરત છે. જ્યાં જન્મજાત બાળકોની બહેરાશની તપાસ માટે OAE અને BERA ની સુવિધા ઉપલબ્ધ છે. ૫ વર્ષથી મોટી કોઈપણ ઉંમરના દર્દી માટે બહેરાશની તપાસ જેમ કે ઓડીયોમેટ્રી (બહેરાશની ટકાવારીની તપાસ) ટીમ્પેનોમેટ્રી (ચોંટેલી હાડકીની તપાસ) ઉપલબ્ધ છે. બોલવાની તકલીફ ધરાવતા બાળકો (દર્દી) માટે આધુનિક સાધનોથી તપાસ તથા કોમ્પ્યુટરાઈઝ સ્પીચથેરાપી (બોલવાની તાલીમ)ની સુવિધા ઉપલબ્ધ છે. સાંભળવાની તકલીફની સારવાર માટે સાંભળવાના આધુનિક મશીન જેમકે, જર્મની, ડેન્માર્ક, યુ.એસ.એ. ની કંપનીના મશીન ઉપલબ્ધ છે. જેમાં કાનની પાછળનું (બ્લુટૂથ જેવા) કાનની અંદરનુ (દેખાય નહી તેવા) મશીન ઉપલબ્ધ છે.

**કોકલીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન**

માર્ગદર્શન, મેપીંગ (પ્રોગ્રામીંગ) સ્પેરપાર્ટ, AVT થેરાપીની સુવિધા ઉપલબ્ધ છે.

**આપ સૌ વ્યકિત આપના કાનની તેમજ શ્રવણ શકિતની સંભાળ રાખો અને તકલીફ જણાય તો અમારા અવતાર ક્લિનીકની અવશ્ય મુલાકાત લો.**

OAE તપાસ



BERA તપાસ



કોકલીયર ઈમ્પ્લાન્ટ મશીન: દોરી વગરનું






BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર જયદીપ રસિકલાલ પરસાણા મારું જૂનું નામ :- જયદીપ રસિકભાઈ પરસાણા થી બદલીને નવું નામ :- જયદીપ રસિકલાલ પરસાણા કરવામાં આવ્યું છે. તેથી હું જયદીપ રસિકલાલ પરસાણા તરીકે ઓળખાવ છું.
સહી : જયદીપ રસિકલાલ પરસાણા
સરનામું : બંગલો નંબર ૧૪, સિદ્ધેશ્વરનગર, સ્વસ્તિક સોસાયટી પાસે, મારુતિ નગર, છતડીયા રોડ, રાજુલા, જિ. અમરેલી, ગુજરાત - ૩૬૫૫૬૦

**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર દિપક લાભુભાઈ ચિત્રોડા મારૂ જૂનું નામ :- દિપકકુમાર લાભુભાઈ ચિત્રોડા થી બદલીને નવું નામ :- દિપક લાભુભાઈ ચિત્રોડા કરવામાં આવ્યું છે. તેથી હું દિપક લાભુભાઈ ચિત્રોડા તરીકે ઓળખાવ છું.
સહી : દિપક લાભુભાઈ ચિત્રોડા
સરનામું : બગીચા પ્લોટ, જસવંતગઢ, જી. અમરેલી - ૩૬૫૬૨૦

**CHANGE OF NAME**

I Undersing I MAKDA RUKAIYA have changed my name from MAKADA RUKAIYA FIROZBHAI To MAKDA RUKAIYA Now i will be known as MAKDA RUKAIYA
Sing : MAKDA RUKAIYA
Address: STATION ROAD, OPP S B I BANK, AT-CHALALA, DIST-AMRELI-365630


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



**સંકુલ ફી સ્ટ્રક્ચર ૨૬-૨૭**

| વિગત | વાર્ષિક ફી |
|---|---|
| આર્ટસ કોલેજ(Psy.-Soc.-Eng.) | ૧૫,૪૦૦ |
| કોમર્સ કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| સાયંસ કોલેજ(માઈક્રો-BT) | ૨૮,૯૦૦ |
| B.C.A. કોલેજ | ૨૮,૯૦૦ |
| B.B.A. કોલેજ | ૨૧,૬૦૦ |
| M.A. કોલેજ(Psy.-Soc.-Eng.) | ૨૦,૧૦૦ |
| M.Com. કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| M.Sc. કોલેજ(માઈક્રો-BT) | ૪૦,૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૪૦,૦૦૦ |
| P.T.C. કોલેજ | ૨૦,૦૦૦ |
| B.Ed. કોલેજ | ૪૪,૦૦૦ |
| M.B.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| M.C.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| B.Pharm. કોલેજ | ૬૦,૦૦૦ |
| M.Pharm. કોલેજ | ૯૦,૦૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮ | ૨૫,૮૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨ | ૨૯,૩૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ FY થી PG | ૩૧,૧૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી -Ad211



**GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો**

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# ધારીના ગોપાલગ્રામ ખાતે રૂ.૨૯ કરોડના ખર્ચે માર્ગનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૨

ધારી તાલુકાના ગોપાલગ્રામ ખાતે ધારાસભ્ય જે.વી. કાકડિયાના ભગીરથ પ્રયત્નોથી મંજૂર થયેલા વિકાસલક્ષી કામોનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે અંદાજે ૨૯ કરોડ રૂપિયાના ખર્ચે સાકાર થનારા નવા માર્ગના નિર્માણનું શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગ્રામજનોની સુવિધા માટે તૈયાર થયેલા ૭૦ લાખ રૂપિયાના વિવિધ કામોનું વિધિવત લોકાર્પણ પણ સંપન્ન થયું હતું. આ ગરિમામય કાર્યક્રમમાં પૂ. મહાવીરબાપુના આશીર્વાદ સાથે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી,જયંતીભાઈ પાનસુરીયા અને જિલ્લા પંચાયતના અશ્વિનભાઈ કુંજડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમમાં ચલાલા નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધી જયરાજભાઈ વાળા અને તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હિરપરાએ પણ હાજરી આપી હતી. આ ઉપરાંત પ્રકાશભાઈ કારિયા, ભઈલુભાઈ વાળા અને આરોગ્ય સમિતિના ચેરમેન (સરપંચ) હરેશભાઈ વાળા સહિત અનેક આગેવાનો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતા.

# વિજપડીમાં જૂની અદાવતમાં યુવક પર છરી વડે હુમલો કરી ગાડી સળગાવી

**યુવકે રહીમભાઈ નામના શખ્સ સામે સા.કુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે અકસ્માતના ખર્ચના મુદ્દે ચાલી રહેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જૂની અદાવત રાખી એક શખ્સે ફરિયાદી પર જીવલેણ હુમલો કરી તેની મોટરસાઈકલ સળગાવી દેતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આદીલભાઈ ઈરફાનભાઈ સોટલીયા (ઉ.વ.૨૬)એ રહીમભાઈ ઉર્ફે ટીકુડો મેહબુબભાઈ બેલીમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ગત તારીખ ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ તેઓ પોતાની અર્ટીકા ગાડીમાં આરોપીના પત્ની અને બાળકોને અમરેલીથી સાવરકુંડલા લાવી રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં ગાડી નાળા નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો, જેમાં આરોપીના પત્ની અને દીકરીને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ થયેલા દવાખાનાના ખર્ચની ઉઘરાણી આરોપી તેમની પાસે કરતો હતો. આ બાબતનો ખાર રાખીને આરોપીએ હિંસક હુમલો કર્યો હતો. આરોપીએ ફરિયાદીને રોકી ગળાના ભાગે છરીના ઘા ઝીંક્યા હતા અને પેટના ભાગે છરી અડાડી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા દરમિયાન આરોપીએ તેમને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત એક્સેસ ટૂ-વ્હીલર ગાડીને સળગાવી દઈ મોટું આર્થિક નુકશાન પહોંચાડ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય એ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગર શહેરમાં રામરાજય સોસાયટીમાંથી ૬ જુગારી ઝડપાયા

દામનગર, તા.૦૨

દામનગરમાં રામરાજય સોસાયટીમાંથી ૬ જુગારી ઝડપાયા હતા. તેમની પાસેથી ૭૮,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. શૈલેષભાઈ પરશોતમભાઈ સોલંકી, ચોથાભાઈ લખમણભાઈ કસોટીયા, નાસીરભાઈ પીરભાઈ મલેક, લાલજીભાઈ બાબુભાઈ બલદાણીયા, વિપુલભાઈ મનુભાઈ આસોદરા તથા કૌશીકભાઈ કાંતીભાઈ ચૌહાણ દામનગર ટાઉન રામરાજય સોસાયટીમાં જાહેર જગ્યાએ રસ્તામા પૈસા તથા પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂ.૧૮,૪૪૦ તથા મોબાઈલ ફોન નંગ-૦૫ મળી કુલ કિ રૂ.૭૮,૪૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા નગરપાલિકા દ્વારા આયોજીત સ્વદેશી મેળો જે.વી.કાકડીયાના હસ્તે ખુલ્લો મુકાયો

અમરેલી,તા.૦૨

બગસરા ખાતે તાજેતરમાં સ્થાનિક કલા અને કૌશલ્યને પ્રોત્સાહન આપવાના હેતુથી એક ભવ્ય સ્વદેશી મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ મેળાનું ઉદ્દઘાટન ધારી વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, મામલતદાર પી.એ.ભીંડી, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી, રાજુભાઈ ગીડા સહિતના અનેક અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મેળામાં કુલ ૩૦ જેટલા વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા, જ્યાં સ્વદેશી ચીજવસ્તુઓનું આકર્ષક પ્રદર્શન યોજાયું હતું.




આ કાર્યક્રમ દરમિયાન બગસરાના પીએમ આવાસ યોજનાના લાભાર્થીઓને હિતધારકો દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજન અને તેની સફળતા અંગેની વિસ્તૃત માહિતી પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી. રીબડીયાએ આપી હતી.

# રાજુલા-ભેરાઈ રોડ ઉપર અકસ્માતમાં પુરુષનું મોત

રાજુલા, તા.૦૨

રાજુલા ભેરાઈ રોડ પર અકસ્માતમાં એક પુરુષનું મોત થયું હતું. અકસ્માત બાદ રીક્ષા ચાલક સ્થળ પર વાહન છોડી ફરાર થઈ ગયો હતો. તળાજાના દેવલી ગામે રહેતા હરેશભાઈ ત્રિકમભાઈ પરમાર (ઉં.વ.૩૦) એ રીક્ષા ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ચારેક વાગ્યે ફરીયાદીના પિતા મોટર સાયકલ રાજુલાથી લઈને પોતાના ઘરે જતા હતા. તે દરમ્યાન ઓટો રીક્ષા ચાલકે રાજુલા-ભેરાઈ રોડ ઉપર આવેલ અવધ ટાયર્સની ઓફીસથી પહેલા ગોળાઈ પાસે પહોંચતા કાબુ ગુમાવ્યો હતો. જેમાં તેના પિતાને માથાના ભાગે ગંભીર ઈજા કરી, મોત નિપજાવી પોતાનું વાહન સ્થળ પર મુકી નાસી ગયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી વી ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં વેપારીને ઢીકાપાટુ મારી નાક પર છરીથી ચીરો પાડયો

લાઠી, તા.૦૨

લાઠીમાં એક વેપારીને ઢીકાપાટુ મારી નાક પર છરીથી ચીરો પાડ્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી પણ આપી હતી. આ અંગે સલીમભાઈ કરીમભાઈ કુરેશી (ઉ.વ.૬૦) એ સુફેલભાઈ સલીમભાઈ ગીગાણી, નાજીમભાઈ બાબુભાઈ ગીગાણી, નવાઝભાઈ બાબુભાઈ ગીગાણી, બાબુભાઈ યુનુસભાઈ ગીગાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ મોસીન જુમ્મા મસ્જીદેથી રોજુ છોડી તથા નમાજ પઢીને પરત મસ્જીદ બહાર નીકળ્યા હતા. તેઓ મયાલાભાઈ ભાખરવડી વાળાની દુકાનની સામે ઉભા હતા તે દરમ્યાન આરોપીએ ત્યાં આવી જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો અને ઢીકાપાટુ વતી માર મારી મુંઢ ઈજા કરી હતી. તેમજ આરોપીએ તેના હાથમાં રહેલ છરી વડે નાક ઉપર તથા હોઠની નીચેના ભાગે તથા ડાબી આંખ ઉપર એમ કુલ ત્રણ જગ્યા ચેકા જેવી ઈજા કરેલ તેમજ હોઠની ઉપરના ભાગે એક ટાંકાની ઈજા કરી હતી. ઉપરાંત ઢીકાપાટુ માર-મારી મુંઢ ઈજા કરી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે કે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# હેમાળ ગામની પરિણીતાને તાલડા ગામે પતિએ પટ્ટાથી ફટકારી

જાફરાબાદ, તા.૦૨

જાફરાબાદના હેમાળ ગામે રહેતી એક યુવતિના લગ્ન ખાંભાના તાલડા ગામના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ પરિણીતાને સાસરિયા નાની વાતમાં મેણા મારતા હતા. પતિએ તેને પટ્ટાથી ફટકારી મુંઢ ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે રસીલાબેન દિનેશભાઈ સોંદરવા (ઉ.વ.૨૩)એ પતિ દિનેશભાઈ દેવશીભાઈ સોંદરવા, સસરા દેવશીભાઈ કલાભાઈ સોંદરવા, સાસુ દિવ્યાબેન દેવશીભાઈ સોંદરવા, નણંદ જયશ્રીબેન સુરેશભાઈ નાગર, નણંદોયા સુરેશભાઈ પ્રેમજીભાઈ નાગર સામે ફરિયાદ નોંધાવી હતી. પરણીતાને ગાળો આપી તથા પતિ દિનેશભાઈએ પટ્ટે-પટ્ટે માર મારી શરીરે મુંઢ ઈજાઓ કરીને મારી નાખવાની ધમકી આપી હતી. નણંદ જયશ્રીબેન તથા તેના પતિ સુરેશભાઈ પ્રેમજીભાઈ નાગરે તેના પતિ તથા મારા સાસુ-સસરાને ચડામણી કરી ઝઘડો કરી, ગાળો આપી એન-કેન રીતે શારીરિક માનસીક દુઃખ ત્રાસ આપી એકબીજાને મદદગારી કરી હતી.

# ધારીના ત્રંબકપુરમાં મહિલાને બેશુધ્ધ કરીને સોનાનો ચેન ઝૂંટવી લૂંટારૂ ફરાર

ધારી, તા.૦૨

ધારીના ત્રંબકપુર ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. મહિલાને પીળું પ્રવાહી ચખાડી બેશુદ્ધ કરીને સોનાનો ચેન ઝૂંટવી લૂંટારું ફરાર થઈ ગયા હતા.

આ અંગે વિજયાબેન રમેશભાઈ ટાંક (ઉ.વ.૫૮) એ બે લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યાંરે અજાણ્યા બે ઈસમો ગુન્હો કરવાના ઈરાદે તેના ઘરે આવી ગળામાં રહેલો સોનાનો દોરો આંચકી લેવામાં સરળતા રહે તેવા ઈરાદાથી બેહોશ કરી નાખે તેવું આછા પીળા કલરનું પ્રવાહી ચખાડી બેશુધ્ધ કરી તેમના ગળામાં રહેલો સોનાનો ચેઈન જેની આશરે કિ.રૂ.૮૦,૦૦૦ ઝૂંટવી લઈ મોટર સાઈકલ ઉપર બેસી ભાગી ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર વી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના તાજપર ગામની સીમમાંથી ૧૫ ચપટાં ઝડપાયા

અમરેલી, તા.૦૨

લાઠીના તાજપર ગામની આડા મારગ તરીકે ઓળખાતી સીમમાંથી ઉદેસંગભાઈ બારડની વાડીમાંથી વનરાજભાઈ નારસંગભાઈ બારડ (ઉ.વ.૪૮) ૧૫ નંગ ચપટા સાથે ઝડપાયો હતો. પોલીસે ૨૫૫૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. દામનગર બસ સ્ટેશન સામે, ટેલીફોન એક્ષેન્જની પાછળથી એક યુવક દારૂની ૫ બોટલ સાથે ઝડપાયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પૂનમ
તા.૦૩-૦૩-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૩,
સૂર્યાસ્ત-૦૬:૩૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મઘા

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૩-૨૦૨૬ મંગળવાર

મેષ: દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્યથી સંતુષ્ટ થશો. ધંધામાં લાભની સ્થિતિ સારી રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# બગસરા શહેરમાં આવેલ મોટી હવેલીમાં ફાગ રસિયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી

અમરેલી,તા.૦૨

બગસરામાં આવેલી પુષ્ટિ માર્ગની મોટી હવેલી ખાતે હોળી-ધૂળેટીના પવિત્ર પર્વ નિમિત્તે ફાગ રસિયાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી પ્રભુજી મહારાજની આજ્ઞા અને પૂ.પા. ગો. ૧૦૮ શ્રી રાસેશ્વરકુમાર બાવાજીના માર્ગદર્શન હેઠળ આ દિવ્ય મહોત્સવ યોજાયો હતો. પુષ્ટિ સંપ્રદાયમાં ફાગલીલાનું વિશેષ મહત્વ છે, જેમાં ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીએ વ્રજભૂમિમાં ગોપીઓ અને સખાઓ સંગાથે આઠ દિવસ સુધી રમેલી રંગોત્સવની લીલાનું સ્મરણ કરવામાં આવે છે. શ્રી મહાલક્ષ્મી મહિલા સત્સંગ મંડળ અને વૈષ્ણવ યુથ કલબના સહયોગથી આયોજિત આ ઉત્સવમાં શ્રી રાસેશ્વરકુમાર બાવાજીએ પોતાના મધુર કંઠે ફાગના કીર્તનોની રમઝટ બોલાવી હતી. વૈષ્ણવોએ અબીલ-ગુલાલ અને પુષ્પોની વર્ષા કરી વ્રજની લીલાનો અલૌકિક આનંદ માણ્યો હતો. આ ભક્તિમય વાતાવરણમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભાવિકો મંત્રમુગ્ધ બની ઠાકોરજીના રંગમાં રંગાયા હતા.



# અમરેલી શહેરમાં તા.૬ના રોજ ભરતીમેળો યોજાશે

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડ અમરેલી માટે ૧૮ થી ૫૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૧૦ પાસથી ઓછું અને સ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૦૬ના રોજ સવારે ૦૯ કલાકથી રોજગાર ભરતી મેળો યોજાશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુ ઉમેદવારોએ શીતલ કુલ પ્રોડક્ટ્ લિમિટેડ, પ્લોટ ન. ૭૫ થી ૮૧, જીઆઈડીસી એસ્ટેટ, અમરેલી ખાતે પહોંચવાનું રહેશે. આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.85/2026
જન્મ તારીખ : 01/06/1956

શ્રી અરજણભાઈ મુળાભાઈ સોસા,
રહે.સીંધાજ, ગામ-સીંધાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત બોડવા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી અરજણભાઈ મુળાભાઈ સોસા, રહે.સીંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મુળાભાઈ મેઘાભાઈ સોસા તથા મુળીબેન મુળાભાઈ સોસા ના પુત્ર અરજણભાઈ મુળાભાઈ સોસાનો જન્મ તારીખ.01/06/1956ના રોજ કોડીનાર તાલુકાના બોડવા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મામલતદારકચેરીઅનેએકઝીક્યુટીવમેજીસ્ટ્રેટનીકચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૨૨/૨૦૨૬ તા.૧૭/૦૨/૨૦૨૬

શ્રી અમીનભાઈ સિતારભાઈ માડકીયા
રહે.જુના ઉપાશ્રય પાછળ, વિસાવદર, વિસાવદર જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી અમીનભાઈ સિતારભાઈ માડકીયા રહે. જુના ઉપાશ્રય પાછળ, વિસાવદર, વિસાવદર જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**મામલતદારકચેરીઅનેએકઝીક્યુટીવમેજીસ્ટ્રેટનીકચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૨૧/૨૦૨૬ તા.૧૭/૦૨/૨૦૨૬

શ્રી અનીશ સિતારભાઈ માડકીયા
રહે.જુના ઉપાશ્રય પાછળ, વિસાવદર, વિસાવદર જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી અનીશભાઈ સિતારભાઈ માડકીયા રહે. જુના ઉપાશ્રય પાછળ, વિસાવદર, વિસાવદર જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૨૧/૦૪/૧૯૬૬ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**તંત્રી લેખ**

# ખનીજ તેલ ૧૦૦ ડોલરની સીમા વટાવશે

પશ્ચિમ એશિયામાં વધતા યુદ્ધના તણાવ વચ્ચે વૈશ્વિક કાચા તેલના ભાવ ફરી એકવાર ચિંતાનો વિષય બન્યા છે. યુદ્ધ ટૂંકું ચાલે તો બજારમાં થોડી અસ્થિરતા પછી સ્થિરતા આવી શકે, પરંતુ જો સંઘર્ષ લાંબો ખેંચાય તો પ્રતિ બેરલ ૧૦૦ ડોલર સુધીના ભાવ અચરજકારક નહીં ગણાય. ખાસ કરીને ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક બજાર સતત દબાણમાં છે. યુદ્ધ શરૂ થાય તે પહેલાંથી જ કાચા તેલના ભાવમાં ચડાવ જોવા મળ્યો હતો. ગયા વર્ષે જ્યારે ઈઝરાયલ દ્વારા ઈરાન પર મર્યાદિત હુમલો કરવામાં આવ્યો હતો ત્યારે થોડા સમય માટે ભાવ ૮૦ ડોલર આસપાસ પહોંચ્યા હતા, જોકે સંઘર્ષ માત્ર બાર દિવસ ચાલ્યો હોવાથી ભાવ ફરી નિયંત્રિત થઈ ગયા. પરંતુ આ વખતે પરિસ્થિતિ વધુ જટિલ છે. શુક્રવાર સુધીમાં ભાવ ૭૨-૭૩ ડોલર સુધી પહોંચી ગયા હતા અને હવે ૭૫ ડોલર પાર કરવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. જો સંઘર્ષ લાંબો ચાલે અને પુરવઠા પર સીધી અસર પડે તો ૧૦૦ ડોલરનો આંકડો દૂર નથી. લાંબા સમય સુધી ચાલતા યુદ્ધની સૌથી મોટી અસર પુરવઠા માર્ગો પર પડે છે. વિશ્વમાં કાચા તેલના પરિવહન માટે સૌથી મહત્વપૂર્ણ માર્ગોમાંનો એક છે હોર્મુઝ સ્ટ્રેટ. અહીંથી દરરોજ આશરે ૨૦ મિલિયન બેરલ તેલ પસાર થાય છે. આ માત્ર એક આંકડો નથી, પરંતુ ભારત અને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાઓની સંયુક્ત દૈનિક માંગ જેટલો જ પુરવઠો છે. જો અહીં તણાવ વધે અને ટેન્કરો માટે જોખમ ઊભું થાય, તો વૈશ્વિક સપ્લાય ચેઈન તૂટી શકે છે. યુદ્ધના પ્રભાવના ત્રણ સંભવિત માર્ગ છે. પ્રથમ, જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા ટેન્કરોને જોખમમાં મૂકે, તો મોટા ખરીદદારો માટે પુરવઠો અટકી શકે. બીજું, ઈરાન તેના પડોશી દેશોના તેલ કૂવો અને રિફાઈનરીઓને નિશાન બનાવે તો ઉત્પાદન ઘટી શકે. ત્રીજું, યમનમાં ઈરાન સમર્થિત જૂથો લાલ સમુદ્રનો માર્ગ ફરી અવરોધે તો જહાજોને લાંબો માર્ગ અપનાવવો પડે. આવી સ્થિતિમાં ટેન્કરોને દક્ષિણ આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપની આસપાસથી ફરી વળવું પડે, જેના કારણે પરિવહન ખર્ચમાં ૬૦ ટકા સુધીનો વધારો શક્ય છે. ભારત માટે પરિસ્થિતિ વધુ સંવેદનશીલ છે. અમેરિકા દ્વારા રશિયા પર લાગુ પડેલા પ્રતિબંધો અને રાજનૈતિક દબાણને કારણે ભારતે રશિયન તેલ પરની નિર્ભરતા થોડે અંશે ઘટાડીને ઈરાક અને સાઉદી અરેબિયાની તરફ વળવું પડ્યું છે. જો પશ્ચિમ એશિયામાં જ અસ્થિરતા વધે તો ભારત પાસે વિકલ્પો મર્યાદિત રહેશે. વેનેઝુએલા ઓછું ઉત્પાદન કરે છે અને બ્રાઝિલ અથવા અમેરિકાથી તાત્કાલિક વધારાનો પુરવઠો મળવો સરળ નથી. જો કાચા તેલનો ભાવ ૧૦૦ ડોલર સુધી પહોંચે તો તેનો સીધો અસર પેટ્રોલ-ડીઝલના ભાવ પર પડશે. પરિવહન ખર્ચ વધતા રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ મોંઘી બનશે અને ફુગાવો વધશે. કેટલાક અંદાજ મુજબ, તેલમાં મોટા ઉછાળા કારણે ફુગાવામાં ૦.૬થી ૦.૭ ટકા સુધીનો વધારો થઈ શકે છે. આર્થિક વિકાસ માટે આ અનુકૂળ સંકેત નહીં ગણાય. મોંઘવારી વધે ત્યારે વ્યાજદર ઉપર દબાણ આવે છે, રોકાણ ધીમું પડે છે અને રોજગાર પર પણ અસર થાય છે. આ સમગ્ર પરિસ્થિતિમાં એક મહત્વપૂર્ણ પ્રશ્ન છે - શું મોટા દેશો તેમના વ્યૂહાત્મક તેલ ભંડારનો ઉપયોગ કરશે? અમેરિકાના વ્યૂહાત્મક ભંડારમાં લાખો બેરલનો જથ્થો છે, જ્યારે ચીન પાસે ચાર મહિના સુધીની માંગ પૂરી કરી શકે એટલો જથ્થો હોવાનું માનવામાં આવે છે. જો બંને દેશો બજારમાં દબાણ ઘટાડવા માટે તેમના જથ્થામાંથી પુરવઠો છોડે અને થોડા સમય માટે ખરીદી ઓછી કરે, તો વૈશ્વિક ભાવ સ્થિર રહી શકે છે.

# રેતીથી રાષ્ટ્રીય ગૌરવ સુધીની સફર : સાણંદના સેમિકન્ડક્ટર યુગની શરૂઆત

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સેમિકન્ડક્ટર શબ્દનો અર્થ થાય છે અર્ધવાહક, એટલે કે એવો પદાર્થ જે વીજળીનો પ્રવાહ ક્યારેક પસાર થવા દે અને ક્યારેક રોકી દે. ધાતુઓ જેમ કે તાંબું વીજળી સહેલાઈથી પસાર કરે છે, જ્યારે રબર અથવા લાકડું વીજળી પસાર થવા દેતા નથી. સેમિકન્ડક્ટર બંનેની વચ્ચેનું ગુણધર્મ ધરાવે છે. સૌથી વધુ ઉપયોગમાં લેવાતો સેમિકન્ડક્ટર પદાર્થ સિલિકોન છે, જે રેતીમાંથી પ્રાપ્ત થાય છે. સેમિકન્ડક્ટર આજના ડિજિટલ યુગનું હૃદય છે. મોબાઈલ ફોન, કમ્પ્યુટર, ટેલિવિઝન, કાર, મેડિકલ સાધનો, સેટેલાઈટ અને રક્ષણ પ્રણાલીઓ બધામાં સેમિકન્ડક્ટર ચીપ કાર્ય કરે છે. ચીપ એટલે એક નાનો ઈલેક્ટ્રોનિક ઘટક જેમાં લાખો કે કરોડો સૂક્ષ્મ ટ્રાન્ઝિસ્ટર ગોઠવાયેલા હોય છે. ટ્રાન્ઝિસ્ટર એટલે વીજપ્રવાહને નિયંત્રિત કરતું સૂક્ષ્મ સ્વિચ. આ સ્વિચના ચાલુ અને બંધ થવાથી ડિજિટલ માહિતી તૈયાર થાય છે. સાણંદમાં સ્થાપિત આ પ્લાન્ટ માઈક્રોન ટેકનોલોજીની સહાયક કંપની દ્વારા વિકસાવવામાં આવ્યો છે. એટીએમપીનો સંપૂર્ણ અર્થ એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ થાય છે. એટલે કે અહીં ચીપના અંતિમ તબક્કાના કાર્યો થશે. ફેબ્રિકેશન પ્લાન્ટમાં તૈયાર થયેલા વેફર અહીં લાવવામાં આવશે અને તેને ચીપ સ્વરૂપે તૈયાર કરી બજારમાં મોકલવામાં આવશે. આ પ્લાન્ટમાં મુખ્યત્વે ડ્રમ અને ડ્રમ પ્રકારની મેમરી ચીપ્સ તૈયાર થશે. ડ્રમ એટલે ડાયનેમિક રેન્ડમ એક્સેસ મેમરી, જે કમ્પ્યુટર અને સર્વરમાં તાત્કાલિક માહિતી સંગ્રહ માટે વપરાય છે. નંદ ફ્લેશ મેમરી છે, જે સોલિડ સ્ટેટ ડ્રાઈવમાં ઉપયોગી થાય છે. સોલિડ સ્ટેટ ડ્રાઈવ એટલે ઝડપી અને મજબૂત ડેટા સંગ્રહ ઉપકરણ, જે પરંપરાગત હાર્ડ ડિસ્ક કરતાં વધુ વિશ્વસનીય હોય છે. સેમિકન્ડક્ટર ચીપ બનાવવાની શરૂઆત રેતીથી થાય છે. રેતીમાંથી શુદ્ધ સિલિકોન અલગ કરવામાં આવે છે. તેને ઓગાળીને લાંબો સિલિન્ડર બનાવવામાં આવે છે જેને ઈનગોટ કહે છે. આ ઈનગોટને પાતળી સ્લાઈસમાં કાપીને વેફર બનાવવામાં આવે છે. વેફર એક ચમકતી પાતળી થાળી જેવો હોય છે. આ વેફર પર ફોટોલિથોગ્રાફી પ્રક્રિયા દ્વારા સૂક્ષ્મ નમૂનાઓ છાપવામાં આવે છે. ફોટોલિથોગ્રાફી એટલે પ્રકાશની મદદથી નાનકડા ડિઝાઈન તૈયાર કરવાની પદ્ધતિ. ત્યારબાદ અનેક રાસાયણિક આવરણો ચડાવવામાં આવે છે. આ આવરણોમાંથી ટ્રાન્ઝિસ્ટર અને સર્કિટ રચાય છે. એક નાની ચીપમાં કરોડો ટ્રાન્ઝિસ્ટર ગોઠવાયેલા હોઈ શકે છે. ટ્રાન્ઝિસ્ટરનું કાર્ય સ્વિચ જેવું




છે. જ્યારે તે ચાલુ હોય ત્યારે એક અને બંધ હોય ત્યારે શૂન્ય ગણાય છે. આ એક અને શૂન્યની ભાષા બાઈનરી ભાષા કહેવાય છે. કમ્પ્યુટર અને તમામ ડિજિટલ ઉપકરણો આ બાઈનરી પર આધારિત છે. વેફર તૈયાર થયા પછી તેને નાના ચોરસ ટુકડામાં કાપવામાં આવે છે, જેને ડાઈ કહેવાય છે. દરેક ડાઈ એક ચીપ બને છે. પછી આ ડાઈ એટીએમપી પ્લાન્ટમાં મોકલાય છે. અહીં તેને બોર્ડ પર ગોઠવવામાં આવે છે, જોડાણ કરવામાં આવે છે, તેની કાર્યક્ષમતા ચકાસવામાં આવે છે અને સુરક્ષિત કવર સાથે પેક કરવામાં આવે છે. ગુણવત્તાની કડક તપાસ પછી જ ચીપ બજારમાં મોકલવામાં આવે છે. આજના યુગમાં મેમરી અને સ્ટોરેજનું મહત્વ અત્યંત વધી ગયું છે. મેમરી એટલે યાદશક્તિ અને સ્ટોરેજ એટલે સંગ્રહ. મોબાઈલમાં એપ્લિકેશન ચલાવવા માટે મેમરી જરૂરી છે, જ્યારે ફોટા અને વિડિયો સાચવવા માટે સ્ટોરેજ જરૂરી છે. ડ્રમ ઝડપી મેમરી છે પરંતુ વીજળી બંધ થાય તો માહિતી ખોવાઈ જાય છે. નંદ મેમરી વીજળી વગર પણ માહિતી સાચવી રાખે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કૃત્રિમ બુદ્ધિમત્તા માટે મજબૂત મેમરી અને સ્ટોરેજ અનિવાર્ય છે. AI પ્રણાલીઓ વિશાળ ડેટાનું વિશ્લેષણ કરે છે. જેમ જેમ છેં વધુ ઝડપથી કામ કરે છે, તેમ વધુ અદ્યતન મેમરીની જરૂરિયાત ઊભી થાય છે. ડેટા સેન્ટર, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને સ્માર્ટ ઉપકરણોમાં મેમરી ચીપ્સની માંગ સતત વધી રહી છે. સેમિકન્ડક્ટર ચીપ્સનો ઉપયોગ જીવનના લગભગ દરેક ક્ષેત્રમાં થાય છે. સ્માર્ટફોન, કમ્પ્યુટર, કાર, મેડિકલ સાધનો, બેંકિંગ સિસ્ટમ, સેટેલાઈટ, કૃષિ ઉપકરણો અને ઘરેલુ સાધનો – બધું ચીપ પર આધારિત છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ એટલે વસ્તુઓનું ઈન્ટરનેટ, જેમાં ઉપકરણો એકબીજા સાથે જોડાય છે, તે પણ સેમિકન્ડક્ટર વિના શક્ય નથી. સાણંદમાં ઊભેલો આ પ્લાન્ટ ગુજરાત માટે નવી ઔદ્યોગિક ક્રાંતિ સમાન છે. સ્થાનિક યુવાનોને રોજગારી અને તાલીમની તકો મળશે. સહાયક ઉદ્યોગોનો વિકાસ થશે. ભારત લાંબા સમયથી સેમિકન્ડક્ટર આયાત પર નિર્ભર રહ્યું છે, પરંતુ હવે દેશમાં ઉત્પાદન શરૂ થવાથી આત્મનિર્ભરતાની દિશામાં મજબૂત પગલું ભરાયું છે. ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે વિકાસનો બીજો મોટો આધારસ્તંભ ધોલેરા ખાતે ઊભો થઈ રહ્યો છે, જ્યાં ટાટા ઈલેક્ટ્રોનીક દ્વારા અદ્યતન સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ ભારતને ચીપ ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાના દિશામાં એક ઐતિહાસિક પગલું માનવામાં આવે છે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનમાં વિકસતા આ પ્લાન્ટથી ગુજરાત ટેક્નોલોજી અને હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગનું મહત્વનું કેન્દ્ર બનશે.

આ પ્લાન્ટ ફેબ્રિકેશન યુનિટ તરીકે કાર્ય કરશે. ફેબ્રિકેશન એટલે ચીપનું મૂળ ઉત્પાદન, જ્યાં સિલિકોન વેફર પર અતિસૂક્ષ્મ સર્કિટ અને ટ્રાન્ઝિસ્ટર તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયા અત્યંત અદ્યતન મશીનરી અને શુદ્ધ પર્યાવરણમાં થાય છે. એક નાની ચીપમાં કરોડો ટ્રાન્ઝિસ્ટર ગોઠવવામાં આવે છે, જે ડિજિટલ ઉપકરણોને કાર્યક્ષમ બનાવે છે. ટાટા કંપનીનો આ પ્રોજેક્ટ હજારો કરોડોના રોકાણ સાથે વિકસિત થઈ રહ્યો છે અને તેમાં મોટી સંખ્યામાં ઈજનેરો, ટેક્નિશિયન અને કુશળ કર્મચારીઓને રોજગારી મળશે. સાથે સાથે આસપાસ સહાયક ઉદ્યોગો જેમ કે કેમિકલ સપ્લાય, મશીનરી, પેકેજિંગ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે પણ વિકાસ થશે. ધોલેરા પ્લાન્ટ કાર્યરત થતાં ભારત માત્ર ચીપ એસેમ્બલી અને ટેસ્ટિંગ પૂરતું નહીં રહે, પરંતુ મૂળ ઉત્પાદન ક્ષમતા પણ વિકસાવશે. આથી આયાત પરની નિર્ભરતા ઘટશે અને ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ, ટેલિકોમ અને રક્ષણ ક્ષેત્રને મજબૂત આધાર મળશે. ગુજરાતમાં સાણંદ અને ધોલેરા જેવા પ્રોજેક્ટો સાથે સેમિકન્ડક્ટર ઉદ્યોગનું મજબૂત ઈકોસિસ્ટમ વિકસી રહ્યું છે, જે રાજ્યને દેશના ટેક્નોલોજી નકશા પર અગ્રણી સ્થાન અપાવશે. રેતીમાંથી શરૂ થતી ચીપની સફર આજે રાષ્ટ્રીય ગૌરવમાં રૂપાંતરિત થઈ રહી છે. સાણંદની ધરતી પર ઉભો થતો આ પ્રોજેક્ટ માત્ર ઔદ્યોગિક રોકાણ નથી, પરંતુ ભારતના ટેક્નોલોજી ભવિષ્યનો આધારસ્તંભ છે.

**સાણંદ ખાતે રૂ. ૨૨,૫૧૯ કરોડના ખર્ચે બનેલાલો અદ્યતન સેમિકન્ડક્ટર ATMP પ્લાન્ટ માઈક્રો ચિપ નું ઉત્પાદન કરશે ભારતને ટેક્નોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના વિઝન સાથે આ પ્લાન્ટ દેશ માટે ઐતિહાસિક પગલું માનવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ ગુજરાતને વૈશ્વિક ચીપ ઉદ્યોગના નકશા પર મજબૂત સ્થાન અપાવશે.**

## શબ્દ સંજોગ-૨૧૫૬



**આડી ચાવી :**
(૧) શ્રમ (૪)
(૪) ચાલક, કોરડો (૩)
(૭) કલ્યાણ, શ્રેય (૨)
(૮) લાકડીને છેડે જડાતી ખોળી (૨)
(૯) મનોહર, સુંદર (૩)
(૧૧) પર,ઉપર (૨)
(૧૨) ક્ષાર અને તેલની મેળવણીથી બનાવેલો મેલ કાપે એવો પદાર્થ (૨)
(૧૩) સખીને બોલાવતા વપરાતુ સંબોધન (૨)
(૧૪) કાજળ, મેશ (૩)
(૧૫) કાગડો (૨)
(૧૬) કવિતા (૩)
(૧૮) સામાન્ય, સાધારણ (૩)
(૧૯) આયુષ્ય, જિંદગી (૩)
(૨૦) ઘરનો આગલો ખંડ (૪)
(૨૨) એક ફૂલઝાડ (૩)
(૨૩) આગ્રહભરી વિનંતી (૩)
(૨૫) ગુજરાતની એક નદી (૩)
(૨૬) માળાનો મણકો (૨)
(૨૭) પહેલુ......તે જાતે નર્યા (૨)

**ઉભી ચાવી :**
(૧) પ્રતાપ, યશ (૩)
(૨) પ્રીતિ, ભાવ (૨)
(૩) એક વનસ્પતિ (૩)
(૫) એક પક્ષી (૪)
(૬) ટંટો, કજિયો (૨)
(૧૦) અદબ, આમન્યા (૩)
(૧૧) દુઃખ, મુસીબત (૨)
(૧૨) માધુરી, સલમાન, સંજયદત્તની એક ફિલ્મ (૩)
(૧૩) કર્તવ્ય, ફરજ (૨)
(૧૪) કાવળી, બંગડી (૩)
(૧૫) કાચાપણુ, કચાશ (૩)
(૧૬) કુળને એબ લગાડે એવુ (૩)
(૧૭) રોગની અસરમાં લવવુ તે (૩)
(૧૮) મમ્મીની બહેનના પતિ (૨)
(૧૯) બહેનના પતિ (૩)
(૨૧) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૨૨) મિનારાઓવાળો સુંદર રોજો (૩)
(૨૩) આ બાજુ, આ તરફ (૨)
(૨૪) બગલ (૨)

## શબ્દ સંજોગ-૨૧૫૫ જવાબ

**આડી ચાવીઃ** (૧) શૈલી (૨) શૈલ (૩) વીંટલી (૫) વલે (૬) બાટી (૭) વહો (૯) શબરી (૧૧) દાવો (૧૨) ટલ્લો (૧૩) કોડ (૧૪) ખેલ (૧૫) પ્રકોપ (૧૭) મરો (૧૯) યજ્ઞ (૨૦) રસા(સાર) (૨૨) ટાકર (૨૫) મોકાણ (૨૭) સાપેક્ષ (૨૯) વડોદરા (૩૦) પાવડર. **ઉભી ચાવીઃ** (૧) શૈશવ (૨) શૈલેશ (૩) વીંટી (૪) લીલવો (૬) બારી (૮) હોટલ (૧૦) બડીકો (૧૧) દાડમ (૧૪) ખેમટા (૧૫) પ્રજ્ઞ (૧૬) પર (૧૮) રોકાણ (૧૯) યર (૨૧) સામો (૨૩) કદડો (૨૪) ટપે(પેટ) (૨૬) કાચડ (૨૭) સારા (૨૮) ક્ષપા.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૨૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૧૦ |
| બાજરી | ૩૨૪ | ૩૭૦ |
| મકાઇ | ૨૭૪ | ૩૬૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૨૫ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૩૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૮૫ |
| અડદ | ૫૦૦ | ૧૬૧૧ |
| મગ | ૧૦૪૦ | ૧૫૭૦ |
| વાલ દેશી | ૬૩૦ | ૧૧૪૦ |
| ચોળી | ૩૪૦ | ૮૭૫ |
| વટાણા | ૭૦૦ | ૧૧૧૦ |
| કળથી | ૩૨૫ | ૩૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૫૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૪૬૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૪૦ |
| તલી | ૧૧૦૦ | ૨૦૩૫ |
| સુરજમુખી | ૮૭૫ | ૮૭૫ |
| એરંડા | ૧૨૧૬ | ૧૨૪૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૮ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૧૯૦૦ | ૩૯૦૦ |
| લસણ | ૯૧૫ | ૧૬૮૦ |
| ધાણા | ૧૩૭૫ | ૨૦૫૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૪૮૦૦ |
| ધાણી | ૧૫૨૫ | ૨૪૦૦ |
| વરીયાળી | ૧૩૮૦ | ૧૮૩૦ |
| જીરૂ | ૩૫૧૧ | ૪૨૪૨ |
| રાય | ૧૧૨૦ | ૧૩૮૦ |
| મેથી | ૯૫૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૨૦૦ |
| રાયડો | ૯૨૦ | ૧૧૪૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૮૨૪ | ૧૬૨૨ |
| પપૈયા | ૯૨ | ૧૭૩ |
| બટેટા | ૧૦૧ | ૨૨૧ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૩૭ |
| ટમેટા | ૯૬ | ૨૦૭ |
| સુરણ | ૭૯૯ | ૧૦૨૧ |
| કોથમરી | ૧૫૭ | ૨૨૩ |
| સકરીયા | ૫૧૪ | ૭૧૯ |
| મુળા | ૩૨૭ | ૫૧૬ |
| રીંગણા | ૨૯૮ | ૬૧૩ |
| કોબીજ | ૬૪ | ૧૦૯ |
| ફ્લાવર | ૧૫૩ | ૩૦૭ |
| ભીંડો | ૭૯૬ | ૧૨૧૨ |
| ગુવાર | ૧૦૧૭ | ૧૪૧૫ |
| ચોળાસીંગ | ૬૧૩ | ૮૨૧ |
| વાલોળ | ૨૦૩ | ૬૧૧ |
| ટીંડોળા | ૫૨૩ | ૯૩૪ |
| દુધી | ૯૮ | ૨૦૩ |
| કારેલા | ૭૯૩ | ૧૦૧૪ |
| સરગવો | ૬૩૬ | ૧૨૧૭ |
| તુરીયા | ૫૯૮ | ૮૧૪ |
| પરવર | ૧૪૩૭ | ૧૮૦૭ |
| કાકડી | ૨૮૯ | ૫૦૫ |
| ગાજર | ૨૨૧ | ૪૧૧ |
| વટાણા | ૩૩૧ | ૫૬૬ |
| તુવેરસીંગ | ૩૬૮ | ૬૪૧ |
| ગલકા | ૩૦૩ | ૫૧૭ |
| બીટ | ૬૫ | ૧૬૬ |
| મેથી | ૧૬૬ | ૨૪૮ |
| વાલ | ૮૦૧ | ૧૦૧૧ |
| ડુંગળી લીલી | ૨૫૯ | ૩૯૪ |
| આદુ | ૧૦૩૧ | ૧૨૨૧ |
| ચણા લીલા | ૧૦૬ | ૨૩૪ |
| મરચા લીલા | ૨૯૬ | ૫૬૫ |
| લસણ લીલું | ૪૧૪ | ૧૦૧૬ |
| મકાઇ લીલી | ૧૭૭ | ૩૨૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં લોકવન | ૪૩૨ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૪૨૮ | ૬૫૮ |
| મગફળી જીણી | ૧૦૭૧ | ૧૪૪૧ |
| સિંગ ફાડીયા | ૮૩૧ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૪૫૧ |
| કલંજી | ૧૦૦૦ | ૪૧૦૧ |
| વરીયાળી | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ધાણા | ૧૧૦૧ | ૨૩૨૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૧ | ૭૯૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૩૨૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૩૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૦૦ |
| તુવેર | ૧૧૫૧ | ૧૬૪૧ |
| રાયડો | ૯૬૧ | ૧૧૩૧ |
| મેથી | ૮૫૧ | ૧૩૮૧ |
| કાંગ | ૧૧૧ | ૫૮૧ |
| મરચા | ૧૭૦૧ | ૬૫૦૧ |
| મગફળી જાડી | ૧૦૨૧ | ૧૪૩૬ |
| નવું લસણ | ૪૯૧ | ૧૪૦૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૧૬૧ |
| ઇસબગુલ | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ધાણી | ૧૨૦૧ | ૨૮૭૬ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૩૬ |
| મકાઇ | ૨૩૧ | ૨૩૧ |
| મગ | ૧૦૯૧ | ૧૯૨૧ |
| વાલ | ૩૫૧ | ૧૩૭૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૧૨૧ |
| સોયાબીન | ૮૬૧ | ૧૦૦૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૬૧ |
| વટાણા | ૬૫૧ | ૯૯૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૪૨૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૮૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૧૫ |
| પચકારુ | ૧૬૦ | ૨૪૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૨૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૩૦૦ | ૨૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૭ |
| પાલક પુરા | ૨ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૬૫ | ૧૨૮૫ |
| શિંગ ગીરનાર | ૧૩૭૫ | ૧૪૩૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૫૦૫ |
| શિંગદાણા | ૧૪૧૫ | ૧૬૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૬૪૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૬૪૫ |
| તલ કાળા | ૨૧૦૫ | ૪૧૨૫ |
| બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| જુવાર | ૫૮૦ | ૧૨૫૫ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૮૦ |
| ઘઉં લોકવન | ૩૭૫ | ૫૨૫ |
| મકાઈ | ૩૭૫ | ૪૭૫ |
| ચણા | ૭૯૦ | ૧૦૪૦ |
| ચણા દેશી | ૧૦૦૫ | ૧૦૧૫ |
| સફેદ ચણા | ૭૨૦ | ૧૦૮૦ |
| છોલે ચણા | ૧૪૨૫ | ૧૪૨૫ |
| તુવેર | ૮૩૦ | ૧૪૬૫ |
| કપાસ | ૯૦૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૪૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૩૫૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૨૬૦ |
| ધાણી | ૧૫૫૦ | ૩૨૨૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૯૫ |
| મરચા લાંબા | ૧૩૫૦ | ૬૦૭૦ |
| કાંગ | ૫૫૦ | ૫૭૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૩૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૧૫૦ | ૨૫૦ |
| સુરણ | ૮૨૦ | ૯૩૦ |
| ગાજર | ૨૦૦ | ૨૮૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૨૦ | ૫૨૦ |
| મૂળા | ૧૬૦ | ૨૬૦ |
| કાકડી | ૧૫૦ | ૨૫૦ |
| ગુવાર | ૧૦૫૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૨૦ | ૫૮૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૩૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૫૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૧૦ |
| બીટ | ૧૬૦ | ૨૨૦ |
| સરગવો | ૪૩૦ | ૬૪૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૧૭૦૦ |
| પાલક | ૨૫૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૨૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૮૬ |
| તલ સફેદ | ---- | ૧૮૧૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૭૨૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| જુવાર | ૫૫૦ | ૧૧૦૦ |
| અડદ | ૭૦૦ | ૯૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| દેશી ચણા | ૧૧૨૦ | ૧૨૩૬ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૩૫ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૬૦ |
| ધાણા | ૧૬૫૦ | ૨૩૫૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ઘઉં | ૪૧૭ | ૪૪૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૧ |
| તુવેર | ૧૧૮૬ | ૧૪૫૦ |
| ધાણા | ૧૬૫૦ | ૧૮૫૫ |
| શીંગદાણા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| તલ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| એરંડી | ૧૩૩૫ | ૧૩૩૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૨ |
| ઘઉ ટુકડા | ૪૨૮ | ૫૩૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૫ |
| ધાણા | ૧૪૦૦ | ૧૮૫૧ |
| રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૯૫ | ૮૦૧ |
| મગફળી | ૧૧૨૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૮૦૦ | ૮૦૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૧૧ | ૧૨૧૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૧ |
| બાજરો | ૩૨૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૦૬ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૩૧ |
| ચણા | ૯૪૧ | ૧૦૨૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૯૬૯ | ૯૬૯ |
| રાય | ૧૦૪૧ | ૧૦૪૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૦ | ૧૬૧૨ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૩૭૦ |
| જીરૂ | ૩૦૩૦ | ૪૨૯૦ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૩૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ધાણા | ૧૨૫ | ૨૪૨૫ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૪ | ૧૩૩૫ |
| કપાસ સી ગ્રેડ | ૭૨૦ | ૨૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| એરંડી | ૧૧૭૯ | ૧૧૭૯ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૪૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૩ |
| મગ | ૧૦૦૧ | ૧૩૭૬ |
| ચણા | ૯૦૧ | ૧૦૬૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૮૦૦ | ૧૧૪૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૪૩૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૧૮૫૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૦૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૯૭૬ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૨૪૦ | ૧૩૨૫ |
| શીંગ ૩૯ | ૧૦૦૧ | ૧૨૬૨ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૨ | ૧૪૩૧ |
| એરંડા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| જુવાર | ૪૫૦ | ૯૦૦ |
| બાજરી | ૩૦૧ | ૪૭૩ |
| ઘઉં ટુકડા | ૪૨૯ | ૫૬૧ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| રાય | ૧૩૪૯ | ૧૩૪૯ |
| ધાણા | ૧૬૦૧ | ૧૮૯૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૧૮૯૦ |
| તલ કાળા | ૩૩૭૧ | ૪૧૭૫ |
| તુવેર | ૭૬૦ | ૧૫૫૩ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૧૫૨ |
| ડુંગળી લાલ | ૮૦ | ૧૮૪ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૯૦ |
| કપાસ શંકર | ૧૨૫૧ | ૧૫૨૯ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૭૦ | ૧૪૨૪ |
| મગફળી ૩૨ નં. | ૧૧૦૦ | ૧૩૪૨ |
| બાજરો | ૩૫૦ | ૫૫૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૫ |
| રાય | ૯૦૦ | ૧૨૬૦ |
| રાયડો | ૮૫૦ | ૧૧૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૩૫ |
| જુવાર | ૭૨૫ | ૧૦૪૨ |
| અડદ | ૮૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૫૧ |
| સોયાબીન | ૮૬૦ | ૯૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૦૨ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૧ | ૧૫૩૯ |
| ચણા | ૧૦૨૩ | ૧૦૪૪ |
| સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |
| તુવેર | ૧૪૫૧ | ૧૪૭૫ |
| ધાણા | ૧૫૭૬ | ૧૬૫૧ |
| મેથી | ૯૦૫ | ૯૦૫ |
| એરંડા | ૧૧૯૯ | ૧૧૯૯ |

### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૩૦૦ | ૩૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૪૫ |
| ચોળી | ૪૫૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૭ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૪૫ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૪૩૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૭ |
| રાયડો | ૯૫૦ | ૧૧૮૦ |
| રાય | ૧૦૫૦ | ૧૪૦૫ |
| લસણ | ૭૪૦ | ૧૨૭૭ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૪૨૫ |
| અજમો | ૧૫૦૦ | ૫૧૪૦ |
| અમજમાની ભૂસી | ૨૦૨ | ૪૮૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૫૦ |
| ધાણી | ૧૪૦૦ | ૨૪૬૦ |
| મરચા | ૧૬૦૦ | ૬૩૪૫ |
| ડુંગળી | ૫૦ | ૨૭૦ |
| શિંગદાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૪ |
| વટાણા | ૭૦૦ | ૧૨૪૫ |
| રાજમા | ૧૩૦૦ | ૧૫૬૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સ્વામિનારાયણ ગુરુકુલ શાંતિગ્રામ ખાતે સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે નવીન બિલ્ડીંગનું ઉદ્ઘાટન



અમદાવાદ,તા.૦૨

નર્મદા કેનાલના કાંઠે સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ શાંતિગ્રામ ખાતે ૨ માર્ચ, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય મંગલમય કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે મુખ્યમંત્રીએ નવીન બિલ્ડીંગનું ઉદ્ઘાટન કરી પ્રવેશદ્વાર પર શિલાલેખનું અનાવરણ કર્યું હતું. સંતોના આશીર્વાદ મેળવી ઉપસ્થિત ભાવિકો અને વિદ્યાર્થીઓને હોળીની શુભકામનાઓ પાઠવતા તેમણે જણાવ્યું કે હોળી એ અજ્ઞાન સામે જ્ઞાનનો અગ્નિ પ્રજ્વલિત કરવાનું પર્વ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા ભારતને જ્ઞાન અને સંસ્કારથી સમૃદ્ધ બનાવવાની દિશામાં આ સંસ્થા નોંધપાત્ર કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીએ ટેકનોલોજીના યુગમાં ગુજરાતને સેમિકન્ડક્ટર હબ બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે સૂચન કર્યું કે જો ગુરુકુલ શાંતિગ્રામ શાખા સેમીકોન ઈન્ડસ્ટ્રીઝ માટે જરૂરી ચીપ ડિઝાઈન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એડવાન્સ ટેકનોલોજીના અભ્યાસક્રમો શરૂ કરે, તો તે યુવાધન માટે ઉત્તમ તક સાબિત થશે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ દ્વારા ૧૯૪૮માં રોપાયેલું આ શૈક્ષણિક બીજ આજે સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમનું વટવૃક્ષ બન્યું છે. 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા માટે આ સંસ્થા UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગ દ્વારા યુવા સશક્તિકરણનું કાર્ય કરી રહી છે. આ નવનિર્મિત ભવનમાં ૪૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકશે અને ૧૫૦૦ વિદ્યાર્થીઓ નિવાસ કરી શકશે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ ભવન ગરીબ અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનશે. અંતમાં, પૂજ્ય મહંત શ્રી દેવપ્રસાદ દાસજી સ્વામી અને કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ આશીર્વચન પાઠવી મુખ્યમંત્રીના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ચિત્તલ ખાતે મનુભાઈ દેસાઈની ખબર અંતર પુછતા સામાજિક આગેવાનો



અમરેલી જિલ્લાના સામાજિક અગ્રણીઓએ ચિત્તલ ગામે મનુભાઈ દેસાઈની રૂબરૂ મુલાકાત લઈ તેમના સ્વાસ્થ્ય અંગે પૃચ્છા કરી અને તેમના ઝડપી સાજા થવાની પ્રભુને પ્રાર્થના કરી હતી.મનુભાઈ દેસાઈની ખબર અંતર પુછવા વસંતભાઈ મોવલીયા, દકુભાઈ ભુવા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, ચતુરભાઈ ખૂંટ, અરજણભાઈ કોરાટ, મુળજીભાઈ પાનેલીયા, રામભાઈ ગજેરા, બાબુભાઈ બાબરીયા, ભાવેશભાઈ ગજેરા, રાજુભાઈ ફીણવીયા, રમણીકભાઈ માંદલીયા,ઝવેરભાઈ દેસાઈ, છગનભાઈ વઘાસીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

# ભાવનગર હાઈવે પર દૂધના ટેન્કરમાંથી રૂ.૭૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



ભાવનગર,તા.૦૨

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ એક મોટી કાર્યવાહી કરતા દૂધના ટેન્કરમાંથી છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. મહુવા તાલુકાના તરેડી પાટિયા પાસે એક મરઘા ફાર્મ સામે ઉભેલા ટેન્કરમાં ગુપ્ત ખાનું બનાવી દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. SMC એ ટેન્કરમાંથી કુલ ૧૬,૪૧૪ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો છે, જેની કિંમત અંદાજે રૂ.૭૮,૦૨,૧૮૪ થાય છે. કુલ રકમ : દારૂ, મોબાઈલ અને ટેન્કર મળીને કુલ રૂ.૧,૦૩,૧૩,૭૫૪નો મુદ્દામાલ કબજે લેવાયો છે. ધરપકડ અને ગુનો: ટેન્કર ચાલક હનુમાનરામ બીશ્નોઈની અટકાયત કરવામાં આવી છે. આ કેસમાં ટેન્કર માલિક અને દારૂ મંગાવનાર સહિત કુલ ૫ વ્યક્તિઓ વિરુદ્ધ મહુવા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. સ્થાનિક પોલીસની નજર ચૂકવીને ચાલતા આ નેટવર્કને SMC એ બાતમીના આધારે ખુલ્લું પાડ્યું છે.

## દારૂબંધીના કાયદાના કડક અમલ માટે પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ શરૂ

# કોડીનાર પંથકમાંથી વિદેશી દારૂ-બિયર સાથે ૬ ઝડપાયા



તસવીર : કુલદીપ પાઠક

ગીર સોમનાથ,તા.૦૨

ગીર સોમનાથ જિલ્લામાં હોળી અને ધૂળેટીના તહેવારોને અનુલક્ષીને દારૂબંધીના કાયદાના કડક અમલ માટે પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત કોડીનાર પોલીસે અલગ-અલગ ચાર દરોડા પાડીને કુલ રૂ.૫.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ૬ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા બાતમીના આધારે પીપળવા પાટિયા, માલગામ પુલ અને વેરાવળ બાયપાસ સહિતના વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પીપળવા પાટિયા પાસે સુત્રાપાડાના જયેશ મહેન્દ્રભાઈ બારડને રૂ.૧.૫૨ લાખના દારૂની ૧૨૨ બોટલો અને બલેનો કાર સાથે કુલ રૂ.૪.૦૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. દીવના વણાંકબારાના બે યુવકો પ્રભાત દેવજી સોલંકી અને ધવલ લાલજી સોલંકીને વિદેશી દારૂ અને બીયરના જથ્થા સાથે મેસ્ટ્રો મોટરસાયકલ પરથી ઝડપ્યા હતા. આ કેસમાં દારૂ મંગાવનાર વેરાવળના અંકિત હીરાભાઈ ડાલકીને પકડવા તજવીજ ચાલુ છે. જ્યારે ચોરવાડના બે શખ્સો રોહિત ભાયાભાઈ વાજા અને અભય દિનેશભાઈ સેવરાને બાઈક પર ૩૩ બીયર ટીન સાથે ઝડપી પાડ્યા હતા. પ્રભાસ પાટણના રાજ મગનભાઈ ચૌહાણને બાઈક પર ૬૧ બોટલ દારૂ સાથે ઝડપી લેવાયો હતો. પોલીસે આ ચારેય દરોડામાં કુલ મળીને રૂ.૫,૫૧,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે, જેમાં વિદેશી દારૂની બોટલો, બીયર ટીન, એક કાર, ત્રણ મોટરસાયકલ અને મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

**પોલીસે આ ચારેય દરોડામાં કુલ મળીને રૂ.૫,૫૧,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો**

# ધોરાજીમાં હિટ એન્ડ રન: બાઈક સવાર ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૦૨

ધોરાજી તાલુકાના જમનાવડ અને પીપળીયા ગામ વચ્ચે મોડી રાત્રે એક ગંભીર હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે. અહીં એક મોટરસાયકલ પર સવાર ત્રણ વ્યક્તિઓને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે મોટરસાયકલ પર સવાર ત્રણેય વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરાજીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.હાઈવે પર મોટા વાહનોની બેફામ ગતિના કારણે નાના વાહનચાલકો માટે મુસાફરી જોખમી બની ગઈ છે. આ બનાવને પગલે સ્થાનિકોમાં રોષની લાગણી ફેલાઈ છે. હાલમાં પોલીસ દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે અને સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા વાહન ચાલકની શોધખોળ કરવામાં આવી રહી છે.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૧૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ સોનલબેન અશોકભાઈ
સરનામું :- મુ.વિસળીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી શિયાળ સોનલબેન અશોકભાઈ એ તેમના પુત્ર નામે શ્રી શિયાળ અજયભાઈ અશોકભાઈ નો જન્મ તા.૧૬/૦૮/૨૦૧૪ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૯૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રવજીભાઈ જાદવભાઈ ગુજરીયા
સરનામું :- ઠે.ઉમણીયાવદર તા.મહુવા, જી.ભાવનગર.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - પટવા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ઉમણીયાવદર મુકામે ના શ્રી રવજીભાઈ જાદવભાઈ ગુજરીયા એ તેમના પુત્રી નામે શ્રી હિમાંશીબેન રવજીભાઈ ગુજરીયા નો જન્મ તા.૧૮/૦૧/૨૦૦૯ ના રોજ રાજુલા તાલુકાના પટવા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૫૨/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લખમણભાઈ બટુકભાઈ બારૈયા
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી લખમણભાઈ બટુકભાઈ બારૈયા એ તેમના પુત્ર નામે શ્રી સંજય લખમણભાઈ બારૈયા નો જન્મ તા.૨૧/૧૦/૨૦૧૦ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૫ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૪૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ રમેશભાઈ ગોવિંદભાઈ
સરનામું :- ઠે.ચાંચ તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી શિયાળ રમેશભાઈ ગોવિંદભાઈ એ તેમના પુત્ર નામે શ્રી શિયાળ ધનજીભાઈ રમેશભાઈ નો જન્મ તા.૧૫/૦૬/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૮૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા કાળીબેન ખીમાભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા કાળીબેન ખીમાભાઈ એ તેમના સસરા-સાસુ નામે સ્વ.ગુજરીયા હાથીભાઈ સાવજભાઈ નું મરણ તા.૨૩/૦૮/૧૯૮૧ અને સ્વ.ગુજરીયા બેનાબેન હાથીભાઈ નું મરણ તા.૩૦/૦૧/૨૦૧૩ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૫૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બારૈયા બાવસિંગભાઈ હરિભાઈ
સરનામું :- ઠે.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી બારૈયા બાવસિંગભાઈ હરિભાઈ એ તેમની પુત્રી નામે શ્રી બારૈયા હિરલ બાવસિંગભાઈ નો જન્મ તા.૧૩/૦૬/૨૦૧૦ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૫૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બારૈયા બાવસિંગભાઈ હરિભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી બારૈયા બાવસિંગભાઈ હરિભાઈ એ તેમના પુત્ર નામે શ્રી બારૈયા કિશનભાઈ બાવસિંગભાઈ નો જન્મ તા.૨૮/૦૮/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૫૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લાલીબેન ભીમાભાઈ ચૌહાણ
સરનામું :- ડે.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી લાલીબેન ભીમાભાઈ ચૌહાણ એ તેમના પુત્રી નામે શ્રી આરતીબેન ભીખાભાઈ ચૌહાણ નો જન્મ તા.૨૮/૦૪/૨૦૧૫ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૯૩/૨૫ — તા.૨૬/૦૨/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી છગનભાઈ ખોડાભાઈ ટાંક
રહે. સુડાવડ, તા.બગસરા, જિ.અમરેલી
મો. ૯૬૬૪૬ ૦૯૨૦૧
(૨) વકીલશ્રી જે.બી.ટાંક - ૮૧૪૦૨ ૬૧૫૧૫

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
સુડાવડ, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી છગનભાઈ ખોડાભાઈ ટાંકના પિતાશ્રી ખોડાભાઈ ડાયાભાઈ ટાંકનું મરણ તા.૧૨/૦૫/૧૯૭૮ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સુડાવડ મુકામે જન્મ/મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૯૧/૨૫ — તા.૨૬/૦૨/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી મધુભાઈ કુરજીભાઈ વેકરીયા
રહે. રફાળા, તા.બગસરા, જિ.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
રફાળા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મધુભાઈ કુરજીભાઈ વેકરીયાના દાદીશ્રી અમૃતબહેન મોહનભાઈ વેકરીયાનું મરણ તા.૦૪/૦૯/૧૯૮૩ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના રફાળા મુકામે જન્મ/મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

**-:: જાહેર નોટીસ ::-**

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.84/2026
જન્મ તારીખ : 01/06/1958

શ્રી મસરીભાઈ ડાયાભાઈ રાઠોડ,
રહે.આણંદપુર, ગામ-આણંદપુર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વડનગર, તા.કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મસરીભાઈ ડાયાભાઈ રાઠોડ, રહે.આણંદપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ડાયાભાઈ ખીમાભાઈ રાઠોડ તથા રાણીબેન ડાયાભાઈ રાઠોડ ના પુત્રી સોનાબેન ડાયાભાઈ રાઠોડનો જન્મ તારીખ.01/06/1958ના રોજ કોડીનાર તાલુકાના વડનગર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-:: જાહેર નોટીસ ::-**

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.86/2026
જન્મ તારીખ : 19/12/1975

શ્રી ગુલાબભાઈ સોમાભાઈ ચૌહાણ,
રહે.જાનબાઈ મંદીરની સામે, છારા ઝાપા, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગુલાબભાઈ સોમાભાઈ ચૌહાણ, રહે.જાનબાઈ મંદીરની સામે, છારા ઝાપા, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી સોમાભાઈ રામાભાઈ ચૌહાણ તથા પ્રેમીબેન સોમાભાઈ ચૌહાણ ના પુત્ર નરસિંહ સોમાનો જન્મ તારીખ.19/12/1975ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# પીએમ મોદી અને માર્ક કાર્ની વચ્ચે ઐતહાસિક કરાર, પરમાણુ ઉર્જા માટે કેનેડા ભારતને યુરેનિયમ આપશે


નવી દિલ્હી, તા.૦૨



ભારત અને કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં અનેક મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં કેનેડા ભારતને પરમાણુ ઊર્જા માટે યુરેનિયમનો લાંબો ગાળો પુરવઠો પૂરો પાડવા સંમત થયું છે. પીએમ મોદીએ જણાવ્યું કે બંને દેશોનું લક્ષ્ય પરસ્પર વેપારને ૫૦ અબજ ડોલર સુધી લઈ જવાનું છે. આ મુલાકાત દરમિયાન સંરક્ષણ, સુરક્ષા અને ઊર્જા ક્ષેત્રે સહયોગ વધારવા 'ભારત-કેનેડા સંરક્ષણ સંવાદ'ધ સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત, સેમિકન્ડક્ટર્સ, એઆઈ (AI) અને ગ્રીન હાઈડ્રોજન જેવા અત્યાધુનિક ક્ષેત્રોમાં પણ ભાગીદારી મજબૂત કરવામાં આવશે. પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે પીએમ મોદીએ ભારતીય નાગરિકોની સુરક્ષા અને શાંતિપૂર્ણ સંવાદ પર ભાર મૂક્યો હતો. કેનેડાના પીએમ કાર્નીએ ભારતની વધતી ઊર્જા જરૂરિયાતોમાં ભાગીદાર બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સોના-ચાંદીમાં તેજી : સોનું રૂ. ૧.૬૭ લાખને પાર, ચાંદી રૂ. ૩ લાખની નજીક

નવીદિલ્હી,તા.૦૨



વૈશ્વિક રાજકીય તણાવ અને મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિને કારણે કિંમતી ધાતુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. સોમવારે (૨ માર્ચ, ૨૦૨૬) ભારતીય વાયદા બજાર (MCX) માં સોનાના ભાવમાં ૩.૧૨% નો મોટો ઉછાળો જોવા મળ્યો, જે રૂ.૧,૬૭,૧૫૫ પ્રતિ ૧૦ ગ્રામ ના સ્તરે પહોંચ્યો છે. તેવી જ રીતે, ચાંદી પણ ૩.૦૪% વધીને રૂ.૨,૯૧,૨૪૯ પ્રતિ કિલોગ્રામ થઈ છે.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના તરફ વળ્યા છે. ફેબ્રુઆરીમાં સોનામાં સતત સાતમા મહિને વધારો નોંધાયો છે, જે ૧૯૭૩ પછીનો સૌથી લાંબો તેજીનો ટ્રેન્ડ છે. દિલ્હી, મુંબઈ અને ચેન્નાઈ જેવા મુખ્ય શહેરોમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ.૧.૬૯ લાખથી રૂ૧.૭૦ લાખની આસપાસ રહ્યો છે. કેન્દ્રીય બેંકોની સતત ખરીદી અને ભૌગોલિક તણાવ જોતા આગામી સમયમાં પણ ભાવમાં તેજી રહેવાની શક્યતા છે

સરકારી બોન્ડ અને ચલણોમાંથી રોકાણકારોનું સોના તરફ સ્થળાંતર પણ આ તેજીને ટેકો આપી રહ્યું છે.


# હરિયાણા બજેટ ૨૦૨૬-૨૭ : રૂ.૨.૨૩ લાખ કરોડનું ફાળવણી સાથે 'નોન-સ્ટોપ' વિકાસનું લક્ષ્ય

ચંડીગઢ,તા.૦૨

હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૨,૨૩,૬૫૮.૧૭ કરોડનું બજેટ રજૂ કર્યું છે, જે ગત વર્ષ કરતા ૧૦.૨૮% વધુ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરકારનું લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં રાજ્યને ૧ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું છે. ચૂંટણી ઢંઢેરાના ૨૧૭ વચનોમાંથી ૬૦ પૂર્ણ થયા હોવાનો તેમણે દાવો કર્યો હતો. કૃષિ ખેડૂતો માટે ત્રીજી પાવર કંપની 'હરિયાણા એગ્રી ડિસ્કોમ'ની સ્થાપના. રૂ.૧૦૦ કરોડના 'ગ્રીન ક્લાઈમેટ રેઝિલિયન્સ ફંડ'ની જાહેરાત. પ્રાથમિક શિક્ષણ માટે રૂ.૧૦,૮૫૫ કરોડ અને આરોગ્ય ક્ષેત્રે ફાળવણીમાં ૨૧.૭૩%નો વધારો. માળખાગત સુવિધાઓ માટે રૂ.૨૮,૨૦૫ કરોડ (બજેટના ૧૨.૬%) ફાળવવામાં આવ્યા છે. વિશ્વ બેંક દ્વારા 'સ્વચ્છ હવા પ્રોજેક્ટ' માટે રૂ.૨,૭૧૬ કરોડની સહાય મંજૂર કરાઈ છે.

# યુપીના બહરાઇચ જમીનના વિવાદમાં નરાધમ પુત્રએ કુહાડીના ઘા ઝીંકી પરિવારના ૪ સભ્યોની હત્યા કરી

બહરાઈચ,તા.૦૨



ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લાના રૂપૈદિહા વિસ્તારમાં હોળીના તહેવાર પહેલાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. રામનગર ગામમાં જમીનના વેચાણના પૈસા બાબતે થયેલા ઝઘડામાં નિરંકાર નામના યુવકે આવેશમાં આવી પોતાના જ પરિવાર પર કુહાડીથી જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકે તેના પિતા બડલુ રામ, માતા સંજુ દેવી, બહેન પાર્વતી અને દાદી સીતાલાની નિર્મમ હત્યા કરી નાખી છે. બચાવવા આવેલા મોટા ભાઈ ગુરુદેવ પર પણ આરોપીએ હુમલો કર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, જમીન વેચ્યા બાદ પૈસા અને દાગીનાની વહેંચણીને લઈને ઘરમાં લાંબા સમયથી વિવાદ ચાલતો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આરોપી નિરંકાર વિરુદ્ધ ગુનો નોંધી તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. જોકે, ઘટના બાદ આરોપીએ પોતે પણ ઈજા પહોંચાડી હોવાથી તેને સારવાર માટે લખનૌ રિફર કરવામાં આવ્યો છે. આ લોહિયાળ ખેલથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.


# વૃંદાવનમાં વિધવા માતાઓએ પરંપરાની બેડીઓ તોડી અબીલ-ગુલાલથી હોળી રમી

વૃંદાવન,તા.૦૨

ધાર્મિક નગરી વૃંદાવનમાં વર્ષો જૂની રૂઢિચુસ્ત પરંપરાઓને બાજુ પર મૂકીને વિધવા માતાઓએ ઉત્સાહભેર હોળીની ઉજવણી કરી છે. સુલભ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ગોપીનાથ મંદિર ખાતે આયોજિત આ ઉત્સવમાં સેંકડો વિધવાઓએ અબીલ-ગુલાલ અને ફૂલો સાથે હોળી રમી પોતાના એકાકી જીવનમાં રંગો ભર્યા હતા. સ્વ. બિન્દેશ્વર પાઠક દ્વારા શરૂ કરાયેલી આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજ દ્વારા ઉપેક્ષિત આ માતાઓને સન્માનપૂર્વક જીવવાની તક પૂરી પાડવાનો છે. ભજન અને 'રસિયા'ના સૂર સાથે માતાઓ ભગવાન કૃષ્ણની ભક્તિમાં મશગૂલ થઈને નાચી ઉઠી હતી. મથુરા-વૃંદાવનની લઠ્ઠમાર અને ફૂલ હોળીની જેમ જ, હવે વિધવાઓની આ હોળી પણ સામાજિક પરિવર્તનનું એક મોટું પ્રતીક બની ગઈ છે. આ આયોજનથી અનેક માતાઓએ જણાવ્યું કે, ઠાકોરજીના પ્રેમમાં ડૂબીને તેઓ પોતાના જીવનના તમામ દુઃખ ભૂલી ગયા છે.

# હોળીની ઝાળ ઉત્તર-પશ્ચિમ દિશામાં હોવાથી ગુજરાતમાં આ વર્ષે ચોમાસુ સારૂ : અંબાલાલ પટેલ

ગાંધીનગર,તા.૦૨



રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે હોલિકાદહન માટે અમદાવાદના મેમનગર વિસ્તારમાં માનવ મંદિર ખાતે પહોંચ્યા હતા. માનવ મંદિર ખાતે વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી દ્વારા પૂજા કરવામાં આવી હતી. ત્યાર બાદ વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી.હોળીના પર્વ પર પવનની ગતિ અને દિશાનું વિશ્લેષણ કરતા અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે, આ વખતે હોળી 'વિષ્ટી'માં પ્રગટાવવામાં આવી છે અને પવન મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ દિશાનો રહ્યો છે, જે હવામાનની દ્રષ્ટિએ ખૂબ જ સાનુકૂળ સંકેત ગણાય છે. ગુજરાતમાં આ વર્ષે ચોમાસું એકંદરે ઘણું સારું રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ રહેશે.મણે એક ખાસ અવલોકન નોંધ્યું છે કે હોળીનો ધુમાડો સીધો ઉપર જતો નથી તે સારૂ છે. આ વર્ષે પાછોતરા વરસાદનું જોર પણ વધુ રહેવાની શક્યતા છે. વૈશ્વિક ફલક પર વાત કરતા તેમણે જણાવ્યું કે, માર્ચ માસના ગ્રહો અને ચંદ્રગ્રહણના પ્રભાવને કારણે વિશ્વના વિવિધ ભાગોમાં, ખાસ કરીને નાટો દેશોમાં તણાવ વધી શકે છે.દરિયાઈ ટાપુઓ રશિયા, ઓસ્ટ્રેલિયા પર આ ગ્રહોની સીધી અસર જોવા મળી શકે છે. અફઘાનિસ્તાન અને ઉત્તર-પશ્ચિમ સરહદો પર વિશેષ તકેદારી રાખવી પડશે.

# ટી-૨૦ વર્લ્ડ કપમાં નિષ્ફળતા બદલ PCBએ પાક. ખેલાડીઓ પર રૂ.૫૦ લાખનો દંડ ફટકાર્યો

નવીદિલ્હી,તા.તા.૦૨



ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહેલી પાકિસ્તાની ક્રિકેટ ટીમ સામે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ લાલ આંખ કરી છે. અહેવાલો અનુસાર, ગ્રુપ સ્ટેજમાં ભારત સામે અને સુપર-૮માં ઈંગ્લેન્ડ સામેની હાર બાદ બોર્ડે ટીમના દરેક ખેલાડી પર ૫ મિલિયન પાકિસ્તાની રૂપિયા (આશરે ૧૬ લાખ ભારતીય રૂપિયા)નો ભારે દંડ ફટકાર્યો છે. ટીમના આ પ્રદર્શનથી પૂર્વ ક્રિકેટરો જાવેદ મિયાંદાદ અને મોહમ્મદ યુસુફે પસંદગી નીતિ અને ખેલાડીઓના સ્તર પર આકરા પ્રહારો કર્યા છે. કેપ્ટન સલમાન અલી આગાની કેપ્ટનશીપ અને સિનિયર ખેલાડીઓ જેવા કે શાહીન આફ્રિદી અને શાદાબ ખાનની ભૂમિકા સામે પણ સવાલો ઉભા થયા છે. પાકિસ્તાને જીત સાથે અભિયાન સમાપ્ત કર્યું હોવા છતાં, સતત નિષ્ફળતાઓને કારણે ક્રિકેટ ચાહકોમાં ભારે રોષ છે. હવે જોવાનું એ રહેશે કે માત્ર દંડ લાદવાથી સ્થિતિ સુધરશે કે બોર્ડે નેતૃત્વ અને વ્યૂહરચનામાં મોટા ફેરફારો કરવા પડશે.

# ઓમાનના દરિયામાં તેલ ટેન્કર પર ડ્રોન હુમલો : એક ભારતીયનું મોત

ન્યુ દિલ્હી, તા.૦૨




અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષને કારણે મિડલ-ઈસ્ટમાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે. ઓમાનના દરિયાકાંઠેથી ૫૨ નોટિકલ મીલ દૂર માર્શલ દ્વિપના ઝંડાવાળા 'MKD વ્યોમ'તેલ ટેન્કર પર વિસ્ફોટક લેસ ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ ભયાનક હુમલાને કારણે જહાજના એન્જિન રૂમમાં જોરદાર વિસ્ફોટ થયો અને આગ ફાટી નીકળી હતી. જહાજમાં સવાર ૨૧ ક્રૂ મેમ્બરોમાંથી ૧૬ ભારતીયો હતા જેમાંથી કમનસીબે એક ભારતીય નાગરિકનું મોત નીપજ્યું છે. જોકે અન્ય તમામ મેમ્બરોને સમયસર સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે.

# હરીયાણાના સિરસા જિલ્લામાં ચૂંટણીની હારની અદાવતમાં પૂર્વ સરપંચના પુત્ર-ભત્રીજાની હત્યા

સિરસા,તા.૦૨

હરિયાણાના સિરસા જિલ્લાના ખોખર ગામમાં જમીનના વિવાદે લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું છે. રવિવારે સવારે પૂર્વ સરપંચના પુત્ર ઝર્મલ સિંહ (૪૫) અને તેમના ભત્રીજા દલજીત સિંહ (૨૫) ની તેમના જ પરિવારના સભ્યોએ તીક્ષ્ણ હથિયારોથી ઘાતકી હત્યા કરી નાખી હતી. ઘટના પાછળ મુખ્ય બે કારણો સામે આવ્યા છે: પ્રથમ, બે કનાલ જમીનના સોદાને લઈને થયેલી તકરાર અને બીજું, ભૂતકાળમાં સરપંચની ચૂંટણીમાં મળેલી હારની જૂની અદાવત. જ્યારે બંને પિતરાઈ ભાઈઓ બાઈક પર ખેતરેથી પરત ફરી રહ્યા હતા, ત્યારે આરોપીઓએ તેમને રસ્તામાં રોકી હુમલો કર્યો હતો. પોલીસે આ મામલે બિકર સિંહ, મોતી સિંહ અને જસવંત સિંહ સહિત અન્ય લોકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સમગ્ર ગામમાં તણાવ અને શોકનો માહોલ છે.

# શેરબજારમાં કડાકો: સેન્સેક્સ ૧૦૪૮ અને નિફ્ટી ૩૧૩ પોઈન્ટ તૂટ્યો, રોકાણકારોના અબજો ધોવાયા

મુંબઈ, તા.૦૨




મધ્ય પૂર્વમાં વણસતી યુદ્ધની પરિસ્થિતિની સોમવારે ભારતીય શેરબજાર પર અત્યંત નકારાત્મક અસર જોવા મળી. ઈરાન દ્વારા સાઉદી અરેબિયાની તેલ રિફાઈનરી પર કરાયેલા કથિત ડ્રોન હુમલાના સમાચારથી બજારમાં ગભરાટ ફેલાયો હતો. સપ્તાહના પ્રથમ દિવસે જ બીએસઈ (BSE) સેન્સેક્સ ૧૦૪૮.૩૪ પોઈન્ટ ઘટીને ૮૦,૨૩૮.૮૫ પર, જ્યારે એનએસઈ (NSE) નિફ્ટી ૩૧૨.૯૫ પોઈન્ટ ઘટીને ૨૪,૮૬૫.૭૦ પર બંધ થયો હતો. બજારમાં ચોતરફ વેચવાલી જોવા મળી હતી, જેમાં સેન્સેક્સની ૩૦ માંથી ૨૭ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. સૌથી વધુ ઘટાડો ઈન્ડિગો (૫.૮૭%) અને એલએન્ડટી (૫.૦૦%) માં જોવા મળ્યો હતો. અદાણી પોર્ટ્સ, મારુતિ અને રિલાયન્સ જેવી દિગ્ગજ કંપનીઓના શેરમાં પણ ૨ થી ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

# T-૨૦ વર્લ્ડ કપ રમીને પરત ફરતી ઝિમ્બાબ્વેની ટીમ એરસ્પેસ બંધ થતા અટવાઈ

નવીદિલ્હી,તા.૦૨




મધ્ય પૂર્વમાં ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ સર્જાયેલા તણાવની સીધી અસર હવે આંતરરાષ્ટ્રીય રમતગમત પર જોવા મળી રહી છે. ભારત અને શ્રીલંકા દ્વારા આયોજિત ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભાગ લઈ રહેલી ઝિમ્બાબ્વેની ટીમ પશ્ચિમ એશિયાનું હવાઈ ક્ષેત્ર (એરસ્પેસ) બંધ થવાને કારણે મુશ્કેલીમાં મુકાઈ છે.

રવિવારે દક્ષિણ આફ્રિકા સામેની અંતિમ મેચ બાદ ઝિમ્બાબ્વેના ખેલાડીઓ દિલ્હીથી દુબઈ થઈને હરારે જવાના હતા. જોકે, દુબઈ એરપોર્ટ પ્રભાવિત થતા અને ઘણી ફ્લાઈટ્સ રદ થતા ખેલાડીઓએ ભારતમાં જ રોકાવું પડ્યું છે. આયોજકો હવે ટીમને ઘરે મોકલવા માટે વૈકલ્પિક રૂટની તપાસ કરી રહ્યા છે. બીજી તરફ, પાકિસ્તાની ટીમ શ્રીલંકાથી સીધી લાહોર પરત ફરી હોવાથી બચી ગઈ હતી. પશ્ચિમ એશિયામાં મિસાઈલ હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી ખોરવાઈ જતા વર્લ્ડ કપની અન્ય ટીમોના પ્રવાસ આયોજન પર પણ સંકટના વાદળો છવાયા છે.

# મેં ૪૦ વર્ષથી જે નક્કી કર્યું હતું તે પૂરું કર્યું, ખામેઈનીનો અંત આવ્યો : નેતન્યાહૂ

તહેરાન,તા.૦૨



ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક સત્તાવાર નિવેદનમાં દાવો કર્યો છે કે ઈઝરાયેલી દળોએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેઈની સહિત શાસનના અનેક વરિષ્ઠ અધિકારીઓને ખતમ કરી દીધા છે.

તેલ અવીવમાં લશ્કરી મુખ્યાલય ખાતેથી બોલતા તેમણે જણાવ્યું કે, ઈઝરાયેલ હવે ઈરાનની રાજધાની તેહરાનના કેન્દ્ર પર અભૂતપૂર્વ તીવ્રતા સાથે હુમલા કરી રહ્યું છે.

નેતન્યાહૂએ ભારપૂર્વક કહ્યું કે, આ અભિયાનમાં તેમને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુએસ સૈન્યનું સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત છે. તેમણે આ ઓપરેશનને 'આતંકવાદના શાસનને જડમૂળથી ઉખેડી નાખવાનું ૪૦ વર્ષ જૂનું સપનું' ગણાવ્યું હતું.

જોકે, તેમણે ઈઝરાયેલમાં થયેલા જાનમાલના નુકસાન અંગે દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે આગામી દિવસોમાં હુમલાઓની તીવ્રતા હજુ વધશે. આ ગઠબંધન અને સૈન્ય શક્તિ દ્વારા તેઓ ઈઝરાયેલનું ભવિષ્ય સુરક્ષિત કરવા માટે કટિબદ્ધ છે.

**રોડ પર ડ્રાયવર્જન અને માટીના પાળા હોવાના કારણે વાહનચાલકોએ મજબૂરીમાં રોંગ સાઇડમાં વાહનો ચલાવવા પડતા હોવાથી સર્જાતા અકસ્માત**

# બાલાનીવાવ પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત : બેના મોત

**નેશનલ હાઈ-વે ઓથોરીટીની ગંભીર બેદરકારી સામે આવી, લોકોમાં આક્રોશ**

જાફરાબાદ, તા.૦૨

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે જેમાં બાલાનીવાવ અને કાગવદર વચ્ચે આજે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. એક બેફામ ગતિએ આવતી ટ્રકે બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક સવાર બે આશાસ્પદ યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર બંને વ્યક્તિઓ નાગેશ્રી ગામના રહેવાસી હતા જેમના નામ મનુભાઈ અરજણભાઈ સાખત (ઉંમર ૩૬) અને રમેશભાઈ જાદવભાઈ સાખત (ઉંમર ૪૧) હોવાનું સામે આવ્યું છે. આ બનાવથી સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

આ અકસ્માત પાછળ નેશનલ હાઈવે ઓથોરિટીની ગંભીર બેદરકારી હોવાનું સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું છે કારણ કે છેલ્લા છ વર્ષથી અહીં બોક્સ કલ્વર્ટનું કામ અધૂરું પડ્યું છે. રોડ પર ડ્રાયવર્જન અને માટીના પાળા હોવાના કારણે



તસવીર : બાબુભાઈ વાઢેળ

વાહનચાલકોએ મજબૂરીમાં રોંગ સાઈડમાં વાહનો ચલાવવા પડે છે જેના કારણે સામસામે વાહનો અથડાવાની ઘટનાઓ વધતી જાય છે. અત્યાર સુધી આ માર્ગ પર અંદાજે ૧૫ થી ૨૦ જેટલા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હોવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. કાગવદર, ભટવદર અને નાગેશ્રી સહિતના ગામોના સરપંચોએ હવે ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક ધોરણે આ હાઈવેનું કામ પૂર્ણ કરવામાં નહીં આવે તો રસ્તો રોકીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

**હાઈ-વેનું કામ પુરૂ થશે તે પહેલા અનેક લોકો અકસ્માતમાં હોમાશે!!!**

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈ-વેનું કામ છેલ્લાં ઘણા સમયથી ચાલી રહ્યુ છે. હાઈ-વેનું કામ ઝડપથી પુરૂ કરવા માટે વારંવાર રજૂઆત કરવામાં આવે છે આમ છતાં હાઈવે ઓથોરીટીવાળા આ બાબતે કોઈ ગંભીરતા લેતા નથી. જયારથી હાઈવેનું કામ શરૂ કરવામાં આવ્યું છે ત્યારથી અકસ્માતનો સીલસીલો શરૂ થયો છે. હાઈ વે ઝડપી બનાવવા માટે અનેક ગામના સરપંચોએ રજૂઆત કરી છે આમ છતાં હાઈવે ઓથોરીટી દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી જેના લીધે હાઈ-વેનું કામ પુરૂ થાય તે પહેલા અનેક લોકો અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## દ્વારકામાં ફૂલડોલોત્સવનો અનેરો ઉત્સાહ: લાખો પદયાત્રીઓનું મંદિરે ઘોડાપૂર ઉમટ્યું

દ્વારકા, તા.૦૨

જગતપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં આગામી ૩ માર્ચના રોજ ઉજવાનારા ફૂલડોલ ઉત્સવને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ છે. કાળિયા ઠાકોર સંગ હોળી રમવા સમગ્ર ગુજરાતમાંથી લાખો પદયાત્રીઓ હાથમાં ધર્મધજા સાથે દ્વારકા પહોંચી રહ્યા છે. ભક્તોના અવિરત પ્રવાહને કારણે દ્વારકાના તમામ માર્ગો ભક્તિના રંગે રંગાયા છે. યાત્રિકોની સુવિધા માટે વહીવટી તંત્ર, પોલીસ અને સામાજિક સંસ્થાઓ કાર્યરત છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ખાસ મેડિકલ કેમ્પ અને એમ્બ્યુલન્સની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ઠેર-ઠેર સેવા કેમ્પોમાં ભોજન અને આરામની વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યાં હિન્દુ-મુસ્લિમ એકતાના દ્રશ્યો પણ જોવા મળ્યા છે. સુરક્ષા વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્રએ ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે, જેથી ભક્તો શિસ્તબદ્ધ રીતે દર્શન કરી શકે.

## ધોરાજી-જુનાગઢ રોડ પર સિમેન્ટના પતરાં ભરેલી ગાડી પલટી મારતા ત્રણ ગંભીર

ધોરાજી,તા.૦૨

ધોરાજીના જુનાગઢ રોડ પર અંબિકા સોલવન્ટ પાસે સિમેન્ટના પતરાં ભરેલું એક ઓવરલોડ વાહન પલટી મારી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ધોરાજીથી જુનાગઢ તરફ જઈ રહેલા આ વાહનના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ દુર્ઘટના બની હતી જેમાં ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી



તસવીર : નયન કુહાડીયા

છે. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ધોરાજીની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ અકસ્માતને કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને જામનગર તથા સોમનાથ તરફનો વાહનવ્યવહાર ખોરવાયો હતો. પોલીસની ગેરહાજરીમાં સ્થાનિક લોકો અને અન્ય વાહનચાલકોએ સ્વયંભૂ રીતે રસ્તા પરથી વાહન હટાવી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. હાલ ધોરાજી તાલુકા પોલીસ દ્વારા આ સમગ્ર મામલે કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે.

## પરીક્ષાના તણાવમાં સુરત-બારડોલીના બે આશાસ્પદ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું

સુરત, તા.૦૨

સુરત શહેરમાં પરીક્ષાના બોજ અને તણાવને કારણે બે વિદ્યાર્થીઓના આપઘાતના કિસ્સા સામે આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. ડીંડોલીના ઉમિયાનગરમાં રહેતા ૧૭ વર્ષીય વિદ્યાર્થી શ્રીકાંતે રસોડામાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બીજી ઘટના બારડોલીના બાબેન ગામમાં બની છે, જ્યાં ખુશી પાટીલ નામની ૧૨મા ધોરણની વિદ્યાર્થિનીએ કેમિસ્ટ્રીનું પેપર નબળું જતાં હતાશામાં આવી આત્મહત્યા કરી લીધી હતી. ગતરોજ પરીક્ષા આપી ઘરે પરત ફર્યા બાદ તેણે અંતિમ પગલું ભર્યું હતું. પોલીસે બંને ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. આ કરુણ ઘટનાઓએ શિક્ષણ જગત અને વાલીઓમાં ચિંતા જન્માવી છે.

## રાજયમાં ઉનાળાનો પ્રારંભ : માર્ચમાં તાપમાનનો પારો પાંચ ડિગ્રી ઉંચકવાની આગાહી

અમદાવાદ, તા.૦૨

ગુજરાતમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, જ્યાં વહેલી સવારે ગુલાબી ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ થાય છે. હવામાન વિભાગની આગાહી મુજબ, માર્ચ મહિનાની શરૂઆત સાથે જ તાપમાનમાં મોટો ઉછાળો જોવા મળશે. આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં ૫ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થઈ શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૨ થી ૩ ડિગ્રી વધવાની શક્યતા છે. મોસમ વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, ૪ થી ૭ માર્ચ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવાને કારણે અસ્વસ્થતા અનુભવાશે. આ વર્ષે ઉનાળો સામાન્ય કરતાં વધુ ગરમ રહેવાના એંધાણ છે અને મે મહિના સુધી હીટવેવના દિવસોમાં પણ વધારો થઈ શકે છે. જોકે, ગરમીની સાથે માર્ચ મહિનામાં રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ એટલે કે માવઠાની શક્યતા પણ વર્તાઈ રહી છે. ખાસ કરીને કચ્છમાં તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહેવાની સંભાવના છે.


સ્થાપના વર્ષ-1959
અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી. (ગુજરાત) સંપર્ક : 909-909-8220
સર્વોતમ શિક્ષણનાં સ્વપ્નદ્રષ્ટા પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા

આગામી શૈક્ષણિક વર્ષ 2026 -27 માટે સંભવિત ખાલી પડતી જગ્યા પર જ્ઞાન શક્તિ સ્કૂલ, પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, નર્સરી થી ધોરણ 12 (સાયન્સ કોમર્સ આર્ટસ) માં નવી ભરતી

શૈક્ષણિક સંસ્થામાં પ્રતિભાશાળી સ્ટાફ જોઈએ છે
ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને મિશ્ર માધ્યમ
આકર્ષક પગાર ધોરણ

| ક્રમ | વિષય | લાયકાત |
|---|---|---|
| ૧ | કોઓર્ડીનેટર | શાળાકીય વિશ્વમાં સ્નાતક + B.ed લાયકાત સાથે ત્રણ વર્ષનો અનુભવ |
| ૨ | ગણિત/ વિજ્ઞાન | B.SC/M.SC.B.ed સાથે ૨ વર્ષનો અનુભવ |
| 3 | અંગ્રેજી/ સંસ્કૃત | B.A/M.A,B.ed સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૪ | સામાજિક વિજ્ઞાન | B.A/M.A.B.ed સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૫ | હિન્દી/ ગુજરાતી | B.A/M.A, B.ed સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૬ | સામાન્ય પ્રવાહ | B.SC/M.SC.B.ED.Physics/Chemistry/biology/maths સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૭ | કોમર્સ પ્રવાહ | B.Com / M.Com. B.ed સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૮ | આર્ટ એન્ડ ક્રાફ્ટ | A.T.D અને ફાઈનલ આર્ટ |
| ૯ | સ્પોર્ટ્સ ટીચર | B.P.ed/D.P.ed/M.P.ed સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૧૦ | કમ્પ્યુટર ટીચર | PGCA/BCA/B.SC.IT સાથે અનુભવ |
| ૧૧ | ગૃહમાતા ગૃહપતિ | સંપૂર્ણ રીતે છાત્રાલય વ્યવસ્થાના અનુભવી |
| ૧૨ | નોન ટીચિંગ સ્ટાફ | ગ્રેજ્યુએશન+કમ્પ્યુટરના જાણકાર સાથે એક વર્ષનો ઓફિસવર્કનો અનુભવ |

શૈક્ષણિક સ્ટાફ:T.E.T/T.A.T પાસે ઉમેદવારો અને પ્રાથમિકતા આપવામાં આવશે

ઉમેદવારો માટે : (૧) સરકારી ધારા ધોરણ મુજબ લાયકાત (૨) અંગ્રેજી ભાષા પર સારો કમાન્ડ જરૂરી (૩) લાયકાત ઉમેરવા માટે આકર્ષક પગાર (૪) શિક્ષકો માટે તાલીમ ફરજિયાત (૫) કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનું સારું જ્ઞાન જરૂરી (૬) વિશિષ્ટ લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા કેન્ડીડેટ ને અગ્રિમતા આપવામાં આવશે (૭) બહારથી આવતા કેન્ડીડેટને માટે રહેવા જમવાની વ્યવસ્થા આપવામાં આવશે. (૮) તમારી અરજી સંબંધિત તમામ શૈક્ષણિક દસ્તાવેજો સાથે cv/resume ઈ મેલ કરો અથવા અમારી સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

Vidyasabhaofficial@gmail.com Mo. : 909,909,8220


## ઉનાના સીમર ગામના વાડી વિસ્તારમાં પતિએ પત્નીની નિર્મમ હત્યા કરી

ઉના,તા.૦૨

ઉના તાલુકાના સીમર ગામના વાડી વિસ્તારમાં સામાન્ય બોલાચાલીએ લોહીયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. દંપતી વચ્ચે ચાલી રહેલા ઝઘડા દરમિયાન આવેશમાં આવી ગયેલા પતિએ પોતાની પત્નીના માથામાં દસ્તાના જીવલેણ ઘા ઝીંકી તેની નિર્મમ હત્યા નીપજાવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આરોપીના ભાઈના જણાવ્યા અનુસાર, અનૈતિક સંબંધોની શંકાના કારણે આ પગલું ભરવામાં આવ્યું હોઈ શકે છે, પરંતુ મૃતકના પુત્રોએ આ આક્ષેપોને સદંતર ફગાવી



તસવીર : કૈલાશ ભટ્ટ

દીધા છે. પુત્રોના દાવા મુજબ તેમના પિતા માનસિક રીતે અસ્વસ્થ હતા અને તેના કારણે જ આ હિંસક કૃત્ય આચર્યું છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગણતરીના કલાકોમાં જ ફરાર આરોપી પતિની ધરપકડ કરી લીધી છે. હોસ્પિટલના પ્રાંગણમાં જ્યારે માતાનો મૃતદેહ લવાયો ત્યારે પુત્રો કેતન અને દિનેશના હૈયાફાટ રુદનથી વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું. "અમારું ધ્યાન રાખનારી માતા જતી રહી, હવે અમારું કોણ?" તેવા કરુણ શબ્દો સાથે પુત્રો માતાને વળગી પડયા હતા.

## અમદાવાદના નવરંગપુરામાં વિદેશી પ્રાણીઓનું ગેરકાયદે બ્રીડિંગ રેકેટ ઝડપાયું



અમદાવાદ, તા.૦૨

શહેરના નવરંગપુરા વિસ્તારમાં એક સામાન્ય રહેણાંક ફ્લેટમાં ચાલતા હાઈ-પ્રોફાઈલ 'એક્ઝોટિક એનિમલ' રેકેટનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. 'રાવલભાઈ એપાર્ટમેન્ટ'માં પડેલા દરોડા દરમિયાન કરોડોની કિંમતના દુર્લભ વિદેશી વાંદરા, પક્ષીઓ અને બિલાડીઓ મળી આવતા ચકચાર મચી ગઈ છે. તપાસ દરમિયાન રેડ હેન્ડ ટેમરીન (વાંદરો), પર્સિયન કેટ, હેમ્સ્ટર અને મકાઉ જેવા લાખોની કિંમતના પ્રાણી-પક્ષીઓ જપ્ત કરાયા છે. કોઈ પણ પ્રકારની બાયો-સિક્યુરિટી કે વૈજ્ઞાનિક સુવિધા વગર ગીચ વિસ્તારમાં આટલા જંગલી જીવો રાખવા અત્યંત જોખમી છે, જેનાથી 'ઝૂનોટિક' (પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાતા) રોગોનો ભય ઊભો થયો છે. આરોપી દ્વારા રજૂ કરાયેલા 'પરિવેશ' પોર્ટલના દસ્તાવેજો શંકાસ્પદ જણાતા વન વિભાગ અને કસ્ટમ્સને જાણ કરવામાં આવી છે. રહેણાંક મકાનનો વ્યાપારિક પ્રજનન માટે ઉપયોગ કરવો એ ગંભીર ગુનો હોવાથી પોલીસે કડક તપાસ તેજ કરી છે.


ડૉ. પલ્વી મહાજન
MD મેડિસિન, DM કાર્ડિયોલોજી
ફુલ ટાઇમ કન્સલ્ટન્ટ કાર્ડિયોલોજીસ્ટ
સીનિયર ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
એઇમ્સ હોસ્પિટલ - અમરેલી

વ્યાવસાયિક કવોલીફીકેશન
- UN મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી, B.J. મેડિકલ કોલેજ, અમદાવાદ

ઈન્ટરવેન્સનલ અનુભવ :
- 10,000થી વધુ કોરોનરી એન્જિયોગ્રાફી અને પેરિફેરલ એન્જિયોગ્રાફી કરેલ છે.
- 5,000થી વધુ એન્જિયોપ્લાસ્ટી (પ્રાઈમરી અને કોમ્પ્લેક્ષ), પેરિફેરલ એન્જિયોપ્લાસ્ટી,
- પર્મનન્ટ પેસમેકર ઈમ્પ્લાંટેશન, AICD (ઓટોમેટેડ ઈમ્પ્લાંટેબલ કાર્ડિયોવર્ટર-ડિફિબ્રિલેટર), અને CRT (કાર્ડિયાક રિસિંક્રોનાઈઝેશન થેરાપી)માં બહોળો અનુભવ.

અનુભવ :
- ૬ થી વધુ વર્ષોનો બોડળો અનુભવ
- ૨ વર્ષ યુ.એન. મહેતા હોસ્પિટલ, અમદાવાદ
- ૪ વર્ષ સિટિ હાર્ટ સુપર હોસ્પિટલ, હિમાચલ પ્રદેશ
- 2022-2023 દરમિયાન બીજે મેડિકલ કોલેજમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી.

સારવાર :
- 24X 7 ફુલ ટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડીયાક સારવાર
- હદયનો 2D ઈકો વીથ કલર ડોપલર ની સુવિધા • ટ્રેડ મીલ ટેસ્ટ (TMT)
- HOLTER (હોલ્ટર) અનિયમીત ધબકારા માપવા માટેની તપાસ
- હદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી (સ્પ્રિંગ/ સ્ટેન્ટ) ની સારવાર
- પેસમેકર (હદય ને ધબકતું રાખવાનું યંત્ર) ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પટરી તથા પરમેનેન્ટ)
- હાર્ટ ફેલ્યર, પલ્મોનારી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
- હદયને લગતી બીમારીઓનું નિદાન અને સારવાર... છાતીનો દુ:ખાવો, વાલ્વની બીમારી, હદય પહોળુ થવુ, હાર્ટનું પંપીંગ ઓછુ હોવુ, હાર્ટ ફેલ્યર વગેરે..
- GE-Optima ની આધુનિક કેથ-લેબ દ્વારા હાર્ટ એટેક ની સારવાર

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોન: ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1 (Experience : 1-2 Years)
- Sales & Marketing Officer - 2 (Experience : 1-2 Years)
- Night Billing Executive - 2 (Experience : 1-2 Years)
- Liaisoning Officer - 1 (Experience : 1-2 Years (Male))
- Junior Accountant - 1 (Experience : 1-2 Years)
- Trainer – 2 (Experience : 1-2 Years)

Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957